# પ્રકરણ – ૨

# વાસ્તુશાસ્ત્રના મુખ્ય આધારો – એક વિશ્લેષણ

- વાસ્તુસ્થાપત્યવિચાર
- ભૂમિવિચાર
- શલ્યશોધન
- સૂત્રપાતવિધિ
- ગૃહપ્રવેશરીતિ
- વાસ્તુદોષશમન

# પ્રકરણ – ૨

# વાસ્તુશાસ્ત્રના મુખ્ય આધારો – એક વિશ્લેષણ

## ૨.૧ વાસ્તુસ્થાપત્ય વિચાર

સ્થાપત્ય એ જગતની વિવિધ સંસ્કૃતિઓમાં ઉદ્‌ભવેલી અને વિકાસ પામેલી કલા છે.

વિશ્વકર્માપુરાણ અધ્યાય ૬૫માં શૌનકે સૂતને જયારે પૂછયું ત્યારે તેના ઉત્તરમાં સૂતે સ્થાપત્ય સ્વરૂપ વિશે સમજાવ્યું છે.

સ્થાપત્યએ વિશાળ અર્થવાળો શબ્દ છે. નાની–મોટી ઈમારતોના બાંધકામની સાથે–સાથે તેના સુશોભનો માટે કોતરવામાં આવતી મૂર્તિઓને લીધે મૂર્તિકલાનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. વળી, સ્થાપત્ય એ એક સર્વોત્તમ કળા છે. કારણ કે તે જનસમુદાયના આનંદની, સુખની અને સમૃદ્ધિની દ્યોતક છે.

સ્થપતિની ભાવનાનું મૂર્ત સ્વરૂપ એટલે સ્થાપત્ય, જે રચના લાંબા સમય સુધી આકર્ષી શકે, સમયના અને સંયોગોના ફેરફારને સહન કરી શકે, પોતાનું સ્વરૂપ, અખંડ જાળવી શકે અને ભૂતકાળ નું દર્શન કરાવી શકે, તેવી રચનાને ઉત્તમ સ્થાપત્ય કહેવાય છે.

સ્થાપત્ય એટલે વાસ્તુકલા. વાસ્તુ એટલે મકાન, જળાશય, કિલ્લો વગેરેની ઈમારત, આવી ઈમારતો સામાન્યતઃ માટી, ઈંટ, પથ્થર વગેરેના ચણતર વડે ઉભી કરવામાં આવે અથવા ડુંગરના ખડકોમાં કોતરીને તૈયાર કરવામાં આવે. ટૂંકમાં એકમાં જયાં કંઈ નથી ત્યાં બહારથી ઉમેરવામાં આવે છે, બીજામાં જે છે તેમાથી કેટલુક કંડારી કાઢી ઘટાડવામાં આવે છે. આમ, બાંધકામની હુન્નરકલા એ કડિયા કે સલાટનો વિષય છે. સ્થાપત્યની લલિતકલા એ સ્થપતિનો વિષય છે.

### ૨.૧.૧ સ્થાપત્યના હેતુઓ

જેવી રીતે માનવે ઉપયોગ માટે કરેલી કેટલીયે ચીજોમાં સૌન્દર્ય હોય છે. જેમ કે, વાસણકૂસણ, વસ્ત્રો, રાચરચીલું, ઘર ઈત્યાદિ.

માણસનું શરીર પણ કુદરતે આપેલું છે અને તે તેના જીવનનું મોટામાં મોટું ઉપયોગી સાધન છે. છતાં તેમાં પણ માણસ કુદરતે આપેલા રૂપ, ઘાટમાં પોતાની કરામતથી ઓપ આપી શકે છે.

તેથી એમ ન કહી શકાય કે ઉપયોગી ગણાતી વસ્તુઓમાં સૌંદર્ય નથી અને તેથી તેમાં લલિતકલા નથી. વળી, બીજી બાજુએ સૌંદર્યલક્ષી કહેવાતી કૃતિઓના પણ ઘણા ઉપયોગ હોય છે. જેમકે, સંગીત કે નૃત્યનો ઉપયોગ ઈષ્ટદેવતાની ભકિત માટે થાય ત્યારે તેનો ધાર્મિક ઉપયોગ થતો ગણાય.

તેથી કહી શકાય કે સ્થાપત્ય, આકાર આપવાની એક કળા છે એનું કાર્ય ક્રમબદ્ધ અને વિભૂષિત પિંડોના સંયોજનથી લાગણી વ્યકત અને ઉત્તજીત કરવાનું છે.

## ❋ રસનું તત્ત્વઃ

દા.ત. કોઈ મૂર્તિનું નિર્માણ કરતી વખતે રસનું તત્વ જળવાવું જોઈએ. પોતાની રૂચિ, પસંદગી પ્રમાણે મૂર્તિ ઘડીને પ્રાચીન શિલ્પકારો તેનું સર્જન કરતા. મૂર્તિના કલાત્મક અંગો જોનારને મંત્રમુગ્ધ કરે છે. શિલ્પકારો પહાડોના દૂધીયા, મગીયા, રતુંબડા, શ્યામ વગેરે પથ્થરની દીર્ઘકાય શિલાઓ ખોદી કાઢી, ભૂખ તરસની પરવા કર્યા વગર તેમની અજબ સ્થાપત્ય કળાને કારણે ભારતને અજર-અમર પદે સ્થાપ્યું છે. પરંપરાગત ભારતીય વાસ્તુકળા અને શિલ્પ-સ્થાપત્યો દેશી-વિદેશી અભ્યાસીઓ, સંશોધકો, શિલ્પશાસ્ત્રીઓ, પુરાતત્ત્વશાસ્ત્રીઓનાં આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

## ❋ સપ્રમાણતાઃ

સ્થાપત્યનું કામ નિયતક્રમમાં પદાર્થોને ગોઠવી કે તેનું સંયોજન કરી અમુક પ્રકારનો ભાવ ઉપજાવવાનું છે. સપ્રમાણતા તેનો પ્રાણ છે. મકાનોમાં  સમતોલપણું ન હોવું એ એક મોટુ દૂષણ ગણાતું અને મકાનોના દોષોને અમુક અમંગલ વસ્તુઓ સાથે જોડી દેવાથી મકાન કે મંદિર મંગલ હોવું જોઈએ તેવો ખ્યાલ રૂઢ થઈ ગયો હતો. આ કારણે પરિમાણના નિયમો પ્રમાણે સપ્રમાણ મકાનો અને મૂર્તિઓ ઘડાતી પરિમાણ = માપ - દિક અને કાલનું મહત્ત્વ હતું જેમાં ત્રણ લંબાઈ, ઉંચાઈ, પહોળાઈ, જાડાઈ જેને બીજા અર્થમાં ઘાટનું તત્ત્વ ગણી શકાય. આમ, વસવાટ આદિ પ્રયોજનો માટે બંધાયેલી ઈમારતોમાં સપ્રમાણ સૌંદર્યનું લક્ષ્ય હોય તો જ તેમને સ્થાપત્યમાં સ્થાન મળી શકે.

સ્થાપત્યનું કામ નિયતક્રમમાં પદાર્થોને સપ્રમાણ ગોઠવી કે તેનું સંયોજન કરી અમુક પ્રકારનો ભાવ ઉપજાવવાનું છે. સપ્રમાણતા તેનો પ્રાણ છે.

## ❋ ભાવવ્યંજકતાઃ

આ તત્વ ભારતીય સ્થાપત્યની સમજણમાં અતિ ઉપયોગી દષ્ટિપૂરી પાડે છે. તેથી સ્થાપત્યના અભ્યાસીએ આ તત્ત્વ કદી દષ્ટિ બહાર જવા દેવું જોઈએ નહિં.

જેમાં ઘાટપિંડોને સાદાને કે વિભૂષિતને એવો ઘાટ આપવામાં આવ્યો હોય કે જે ઘાટમાં લાગણી વ્યકત કરવાનું અને પ્રેક્ષકમાં તે ઉત્તેજિત કરવાનું સામર્થ્ય હોય, તેથી આવા લક્ષણોવાળા મકાનો જ લલિતકલાની વિચારણામાં આવી શકે.

શિલ્પ એ ઘાટ આપનારી કલા છે. જેનું કામ ઘનસ્વરૂપમાં કુદરતી પદાર્થો અને મુખ્યત્વે માનવ શરીરની અનુકૃતિથી ભાવ વ્યકત કરવાનું અને ઉત્તેજવાનું છે. જેમાં નૃત્ય, ગીત, વાદિતનો સમાવેશ થાય છે. તેથી કહી શકાય કે સ્થાપત્યનો ઉદ્દેશ ભાવ વ્યકત કરવાનો અને ઉત્તેજીત કરવાનો છે. વસવાટ માટેની આ ઉપયોગી કલા લલિતકલામાં સ્થાન પામી શકે. દા.ત. મૂર્તિઓનો ઉપયોગ કોઈ સ્મારક કરવા અથવા તો પૂજા કરવા માટે કરે છે. તેના સર્જનમાં સૌંદર્યનું સર્જન ઉપરાંત કદાચ દેશભકિત કે ઉપાસનનો હેતુ પણ હોઈ શકે.

સ્થપતિના મનમાં કોઈ સાથે જ તે ઉર્મિને ચોકકસરૂપમાં બહાર મુકવા આતુર થાય છે અને

પ્રેક્ષક જયારે તેના કાર્યને જુએ છે ત્યારે તે પણ તેવો જ આનંદ અનુભવે છે. આમ, કલાકૃતિના આવિર્ભાવમાં એક પ્રકારના આદાનપ્રદાનની પ્રક્રિયા રહેલી છે.

## ૨.૧.૨ સ્થાપત્ય અને સ્થપતિ – એક ચિંતન

વાસ્તુ શબ્દના પર્યાયરૂપમાં સ્થાપત્યનો પ્રયોગ થયેલો છે. આપણે હાલમાં સંસ્કૃત સ્થાપત્ય શબ્દ અંગ્રેજી શબ્દ **'આર્કિટેકચર'** માટે વાપરીએ છીએ. તેથી સ્થાપત્યનો અર્થ સમજવાં આર્કિટેકચરથી અંગ્રેજીમાં શું સમજાય છે. તે સંક્ષેપમાં જાણવું ઉપયોગી થશે. આર્કિટેકટ એટલે વડો કારીગર, તેની કલાને આર્કિટેકચર કહેવાય. શણગારેલું કામ આર્કિટેકચરમાં અભિપ્રેત હતું.

આમ, આર્કિટેકચરમાં પિંડોની ગોઠવણીથી થતા આકારો એવું આર્કિટેકચરનું વ્યવસ્થિત લક્ષણ ચાલ્યુ તેથી સમય જતા આર્કિટેકચરની વ્યવસ્થિત વ્યાખ્યા થઈ.

સંસ્કૃત શબ્દકોશો 'સ્થપતિ' શબ્દ રાજાના અંતઃપુરના કંચુકી જેવા અધિકારીના અર્થમાં વાપરે છે. માનસાર ગ્રંથ 'સ્થાપત્યાલય' વાયવ્ય કોણ કે અગ્નિકોણમાં કરવાનું કહે છે. તેમાં પણ 'સ્થાપત્ય' સ્થપતિના અર્થમાં અથવા તો સ્થપતિઓને રહેવાનું અને કામકાજ કરવાનું સ્થાન એ અર્થમાં વાપરે છે.

સ્થ નો અર્થ છે સ્થિત. સ્થિર હોવું તેમાંથી જ સ્થિર, સ્થાવર, સ્થિતિ, સ્થાન આદિ શબ્દોનો પ્રાદુર્ભાવ થયો છે. ભવન એક સ્થાન વિશેષ જ છે. તેના નિર્માણ સંબંધી જ્ઞાનનો સંપૂર્ણ સ્વામી યા પતિ 'स्थपति' કહેવામાં આવે છે. તદ્નુરૂપ સ્થપતિ દ્વારા નિર્મિત રચના સ્થાપત્ય કહેવાઈ.

સ્થપતિના ચાર અર્થો સંસ્કૃત કોશકારો આપે છે. (૧) કંચુકી (૨) જીવેષ્ટિ કરનાર (૩) કારીગર (૪) સત્તમ.

અર્થાત્ ઉત્તમ પુરુષ કે અધિશ. જો કે આ ઉલ્લેખોમાં સ્થપતિના કાર્ય કે કલા માટે સ્થાપત્ય શબ્દ વપરાયેલો જોવા મળતો નથી. જે જાણવાથી સ્થપતિના ગુણ દોષો જાણી શકાય છે. સ્થાપત્યને ક્રિયાથી યુકત ચાર રીતે જાણવાનું છે. શાસ્ત્ર, કર્મ, પ્રજ્ઞા અને શીલ.

જોકે સ્થપતિ અને સ્થાપત્યનાં સંસ્કૃતમાં બીજા અર્થો હોવા છતા આર્કિટેકટ અને આર્કિટેકચરના પર્યાય તરીકે સ્થપતિ અને સ્થાપત્ય શબ્દ સમુચિત છે.

Architeture અર્થાત' आर्की' શબ્દ ગ્રીકભાષામાં તેનો અર્થ आर्की (પ્રમુખ) + ટેકટાન (નિર્માતા) અર્થાત आर्किटेचर (પ્રમુખ નિર્માતા) એવું પરિવર્તન રૂપ છે. અંગ્રેજી ભાષામાં વાસ્તુ માટે આર્કીટેકચર (Architeture) શબ્દ પ્રયુકત છે. તેથી આર્કિટેકટ કે સ્થાપત્યની કલા જેમાં સમાવી શકાય તેવો વધારે પ્રચલિત શબ્દ વાસ્તુ છે.[૧] તેથી આ દષ્ટિએ સ્થાપત્યથી શું સમજવાનું છે? તેમાં શું શું આવી શકે? તે જાણવા માટે વાસ્તુ વિદ્યાના ગ્રંથોનો આધાર લેવો પડે.

### ✵ સ્થાપત્યનો ઉદ્ભવ અને વિકાસ

વાસ્તુ વિદ્યાનો ઉદ્ભવ વગેરે બાબતો તે વિદ્યાનાં ગ્રંથોમાં પૌરાણિક શૈલીએ આપેલાં છે. જેમ કે નાટયવિદ્યા, વેદ કે શાસ્ત્રનો ઉદ્ભવ ભારતના નાટયશાસ્ત્રમાં આપેલો છે. આ પૌરાણિક શૈલીમાં

તે તે કલાનાં સ્વરૂપ, કાર્ય અને અંગોના નિરૂપણ સમાયેલા છે. ઉપરાંત તેને કરનારા કલાકારોનાં શિક્ષણ, તાલીમ, ચરિત્ર, શીલ વગેરે લાયકાતો પણ વર્ણવેલી હોય છે. તેમાંથી આપણને ભારતીય સ્થાપત્ય સમજવા માટે ઉપયોગી દષ્ટિ મળે છે.

ભારતીય સ્થાપત્યનો વિકાસ ધાર્મિકભાવથી બધા દેવ–મંદિરો, જલાશયો ઈત્યાદિને આભારી છે. કિલ્લાઓ, નગરો રાજભવનો જેવી સ્થાપત્ય રચના દ્વારા રાજાઓ તથા ધનાઢયોની ઉદાર વૃત્તિથી જ આ વિકાસ થયો છે. જેના પ્રાચીન ભગ્ન અવશેષો છેક ઈ.સ. પૂર્વે પાંચમી સદીના મળે છે. શિલ્પ સ્થાપત્ય તથા વિદ્યા કળાકૌશલ્યની સમૃદ્ધિ આ દેશમાં અજોડ હતી. જેના વર્ણન અતિ પ્રાચીન મહાકાવ્યોમાં પણ આપેલા છે.

દીર્ઘકાળના વ્યવહારૂ અનુભવ પછી જ શિલ્પશાસ્ત્રના નિયમો રચાયા હતા એવું પ્રાચીન સ્થાપત્યના કાળક્રમ પરથી અનુમાન બંધાય છે.

આદિમાનવનું આશ્રય સ્થાન પ્રાકૃતિક ગુફાઓ, શિલાશ્રય તથા વૃક્ષ હશે. યુરોપીય મહાદ્વિપની અંતર્ગત સ્પેન તથા ફ્રાંસના પ્રદેશમાં પણ અનેક ગુફાઓ મળી છે, જેમાં આદિમાનવના નિવાસનું પ્રમાણ મળે છે. ભારતના વિભિન્ન શૈલાશ્રય અને કંદરાઓમાં આદિમાનવ દ્વારા નિર્મિતચિત્ર, મૂર્તિઓ તથા ઓજાર પ્રાપ્ત થાય છે. જે તેના આશ્રય સ્થળનો સંકેત આપે છે તે જ રીતે વૈદિક કાલીન પર્ણકુટિઓનો નિર્માણ તથા મોર્યકાલીન ચિત્રોમાં પણ સાધુ સંન્યાસીઓના નિવાસ માટે કુટિરોનું પ્રદર્શન વાસ્તુકલાનો ક્રમિક વિકાસ દર્શાવે છે.

> स्थापत्यमुच्यतेऽस्माभिरिदानी प्रक्रमागतम् ।
> ज्ञानेन येन ज्ञायन्ते स्थपतिनां गुणागुणाः ।। [२]

અહીં ક્રમાંગત સ્થાપત્યનું વર્ણન છે. જેનાથી સ્થપતિના ગુણદોષો જાણી શકાય છે.

બૃહદ્‌સંહિતા, માનસાર, મયમતમ્, સમરાંગણ સૂત્રધાર, વિષ્ણુધર્મોત્તરપુરાણ, શિલ્પરત્નસાર, વિશ્વકર્માપ્રકાશ આ ઉપરાંત બધા પુરાણોમાં વાસ્તુસંબંધી ઉલ્લેખો જોવા મળે છે.

પ્રાચીન ભારતમાં મૂર્તિકલા, પ્રતિમા લક્ષણ, શાસ્ત્ર અને આલેખ્ય કલા પર વિસ્તૃત વિવરણ લિપિબદ્ધ કરવામાં આવે છે. ભારતીય સાહિત્યમાં વાસ્તુસંબંધી લગભગ ૧૧૭ ગ્રંથોની રચના થઈ. માનસાર ગ્રંથ, વાસ્તુ વિદ્યા માટે એક પ્રાચીન પ્રમાણ ગ્રંથ છે જેમાં પી. કે. આચાર્યકૃત માનસાર સીરીઝમાં ક્રમિકાગમ, અશુભેદાગમ, સુપ્રભેદાગમ, રૂપમંડન વગેરે સ્થાપત્ય સંબંધી ઉલ્લેખ મળે છે.

## ૨.૧.૩ વાસ્તુ વિદ્યાના વર્ણ્ય વિષયો

વૈદિક વાઙ્મયનાં અનુશીલનથી તે જાણવા મળે છે કે વિશ્વકર્માને સમસ્ત કલાઓના જનક માનવામાં આવે છે. વાસ્તુવિદ્યાનું લોકોને પૂર્ણ જ્ઞાન હતું, ઋગ્વેદમાં સ્થાપત્ય, મૂર્તિ, ચિત્રકલાના અનેક સંદર્ભ જોવા મળે છે. ત્વષ્ટા અને વાસ્તોષ્પતિને કુશળ શિલ્પી કહ્યો છે તે જ પ્રકારે ભૂમિચયન, ભૂમિપૂજન, નીવપૂજન, સ્તંભ અને દ્વારપૂજન તથા ગૃહપ્રવેશ આદિ કર્મકાંડથી વિકસિત વાસ્તુ

(સ્થાપત્ય) કલાના સ્વરૂપનું દિગ્દર્શન મળે છે.[3]

> चतुः प्रकारं स्थापत्यमष्टधा च चिकित्सितम् ।
> धनुर्वेदश्च सप्ताङ्गो ज्योतिषं कमलालयात् ।। [4]

ચતુર્વિધ સ્થાપત્ય, અષ્ટાદર્શ આયુર્વેદ તથા જયોતિષ એ સર્વશાસ્ત્રોનાં મૂળ પ્રવર્તક બ્રહ્માજી છે. ચનુર્વિધ સ્થાપત્યમાં (૧) પુરનિવેશાદિ (૨) ભવનનિર્માણાદિ (૩) પ્રાસાદવાસ્તુશાસ્ત્ર તથા (૪) જળાશયાદિ ગણાય છે.

વળી, 'वस्तुरत्नकोश'નામના ગ્રંથમાં વિવિધ વસ્તુઓના પ્રકારોની યાદીઓ આપી છે તેમાં ગૃહવિષે નીચે પ્રમાણે નામો છે.

(૧) પ્રાસાદ (૨) આયતન (૩) હર્મ્ય (૪) ગૃહ (૫) કોશ (૬) કોષ્ઠાગાર (૭) પાનીયગૃહ (૮) શૌચગૃહ (૯) શાલાગૃહ (૧૦) મઠસ્થાન (૧૧) સત્રાગાર (૧૨) શૃંગારગૃહ (૧૩) ધર્મસ્થાન (૧૪) વિનોદ સ્થાન (૧૫) અશ્વસ્થાન (૧૬) ગજશાલા (૧૭) વાસ્તુભુવન (૧૮) મંડપ (૧૯) ભોજનશાલા (૨૦) તાપસશાલા (૨૧) અગ્રાસન (૨૨) આવેશન (૨૩) અર્ચાસ્થાન (૨૪) રાજાગણ.

આ યાદી ઉપરથી તેમાં મકાનોના કેટલાક પ્રકારો લાગે છે. જેમ કે પ્રાસાદ આયાતન, હર્મ્ય, મંડપ, રાજાગણ ઈત્યાદિ બીજા નામો એક જ ઘરના જુદા-જુદા કામો માટેના સબદ્ધ કે અલગ શાલાઓ કે ખંડોનું સૂચન કરે છે.

વાસ્તુવિદ્યાના ચાર આધારભૂત વિષય માનવામાં આવે છે.

(૧) ધરા - ભૂમિ જે સમસ્ત પ્રકારના નિર્માણ કાર્યનો મૂલાધાર છે. વળી, વૈદિક કાળમાં આવાસીય ભવન પ્રધાનવસ્તુ રહેઠાણ.

(૨) હર્મ્ય - (ગૃહ) શબ્દ વપરાયો છે. બીજો શબ્દ દમપસ્ત્યા તથા હર્મ્ય શબ્દનો પ્રયોગ થયો છે. ભવન, ગૃહ, દેવાલય, સભાગાર, રાજપ્રાસાદ વગેરે.

(૩) યાન - એટલે વાહન સ્યંદન (ઝડપી રથ) શિબિકા (પાલખી) અને રથને ગણાવ્યા છે.

(૪) પર્યંક માં શયનમાં પલંગ, મંચલી (હિંચકો), મંચ, કાકાષ્ટ (આઠ પાયાનું કાકાકાર આસન) ફલકાસન અને બાલપર્યંક.

> भूरेख मुख्यवस्तुं स्यात् तत्र जातानि यानि हि ।
> प्रसादादीनि वास्तूनि वास्तुत्वाद् वस्तुसंश्रयात् ।। [5]

આ વિષયો ઉપરાંત માનસાર પ્રમાણે (૧) દણ્ડક (૨) સર્વતોભદ્ર (૩) નન્ધાવર્ત (૪) પદમક (૫) સ્વસ્તિક (૬) પ્રસ્તર (૭) કાર્મુક (૮) ચતુર્મુખ એ આઠ પ્રકારના ગામોનો સન્નિવેશ (અ.૯) અને આઠ પ્રકારોના નગરોની (૧) રાજધાનીય (૨) કેવલ નગર (૩) પુર (૪) નગરી (૫) ખેટ (૬) ખર્વટ

(૭) કુલ્જક (૮) પતન આઠ પ્રકારના દુર્ગો (૧) શિબિર (૨) વાહિનીમુખ (૩) સ્થાનીય (૪) દ્રોણક (૫) સંવિધ (૬) કોલક (૭) નિગમ (૮) સ્કન્ધાવારની રચનાઓનો પણ વાસ્તુ વિદ્યામાં સમાવેશ થાય છે.

## ૨.૧.૪ સ્થપતિના ચાર પ્રકારો

માનસાર ગ્રંથમાં વાસ્તુરચના માટે ચાર પ્રકારના શિલ્પીઓ ગણાવ્યા છે. 'મનુષ્યાલયચંદ્રિકા' નામના ગ્રંથમાં ચાર પ્રકારનાં શિલ્પી બતાવેલા છે. શિલ્પરત્નાકરઃમાં પણ

जानीयात्स्थापनार्ह स्थपतिमय गुणैः प्रायशस्तेन तुल्यः ।
सूत्रग्राही सुतो वां स्थपतिमतिगतिप्रेक्षकः शिष्यकोवा ।।

स्थूलानां तक्षणातक्षक इति कथितः सन्नतं ह्रष्टचितो
दार्वाद्यन्योन्य संमेलनपटुरूदितो वर्धकिः सावधानः ।। [૬]

### (૧) સ્થપતિ

બાકીના ત્રણના ગુરૂ છે સ્થપતિ વેદવિદ્ અને શાસ્ત્રપારંગત હોય છે. વાસ્તુની સ્થાપના કરવાની યોગ્યતા તેનામાં હોય છે. તેથી તે સ્થાનાધિપતિ કહેવાય છે. સ્થપતિની આજ્ઞામાં રહીને જ સૂત્રગ્રાહી, તક્ષકી, વર્ધકિએ કામ કરવાનું હોય છે. આર્કિટેકટ્નો પાશ્ચાત્ય પરંપરામાં જે અર્થ વડો કારીગર જેવો જ અર્થ સ્પથતિનો થાય છે.

### (૨) સૂત્રગ્રાહી

સૂત્રગ્રાહી શ્રુતજ્ઞ અર્થાત્ વિદ્યાની પરંપરા જાણનાર અને રેખાજ્ઞ અર્થાત રેખા દોરતા આવડવું જોઈએ draftmen કહેવાય છે. તેની આજ્ઞામાં બાકીના બે રહે છે.

### (૩) વર્ધકિઃ-

વર્ધકિ પણ શ્રુતજ્ઞ હોવો જોઈએ અને વિચારક એટલે કે યોગ્યાયોગ્યનો વિચાર કરતા જેને આવડે તેવો હોવો જોઈએ. માપનું કામ જાણનાર અને ચિત્રકલાનો જાણકાર હોવો જોઈએ. ચિત્રકર્મજ્ઞ હોવો જોઈએ. જેમ સૂત્રગ્રાહી માનજ્ઞ અને રેજ્ઞાજ્ઞ હોય તેમ વર્ધકિ ચિત્રકર્મજ્ઞ હોવો જોઈએ.

### (૪) લક્ષકિઃ-

વર્ધકિની આજ્ઞા પ્રમાણે કામ કરે તે તક્ષક. તક્ષક ક્રિયામાં તે કુશળ હોય છે. તક્ષણ ક્રિયા એટલે કંઈપણ ઘડવાની ક્રિયા, જેમ કે લાકડું ઘડનાર સુથાર અથવા પથ્થર ઘડનાર સલાટ તે 'સભ્ય' હોવો જોઈએ.

સ્થાપનામાં સંપૂર્ણ યોગ્યતાવાળો, સ્થપતિ જાણવો. સ્થપતિના જેવા જ ગુણો ધરાવનાર અને

સ્થપતિની મતિ અને ગતિને અનુસરનાર સ્થપતિના પુત્ર અથવા શિષ્યને 'સૂત્રગ્રાહી' જાણવો મોટા પાષાણો ઘડી સુંદર કોતરકામ કરનાર, સદા પ્રસન્ન ચિત્ત રહેનાર, કારીગરને તક્ષક તથા લાકડાનું સુંદર કોતર કામ કરનાર કારીગરને વર્ધકિ જાણવો.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન ભારતમાં બાંધકામ યોજના પુરઃસર થતું હતું. બધા કારીગરો સ્થપતિની આજ્ઞામાં રહેતા.

વર્તમાનકાળમાં સોમપુરા શિલ્પીઓને કચ્છમાં **'ગઈધર'** કહે છે. ગજધર (ગજને ધારણ કરનારો)નો તે અપભ્રંશ છે. સૌરાષ્ટ્ર, ગુજરાતમાં સોળમી–સત્તરમી સદીમાં 'સૂત્રધાર' કહેતા સોમપુરા શિલ્પી વર્ગમાં એક બીજા વેવાઈઓને 'ઠાર' નામે સંબોધતા. આ 'ઠાર' શબ્દ (સૂત્ર) – 'ધાર'નો અપભ્રંશ છે. ઓગણીસમી સદીમાં અંગ્રેજી રાજય શાસનકાળમાં કારીગરોના સમૂહના ઉપરીને મીસ્ત્રી શબ્દથી સંબોધવાનું શરૂ થયું. આ મીસ્ત્રી શબ્દ પ્રત્યેક કારીગરોના ઉપરીને લાગુ પડે છે. તેથી તે શબ્દ યોગ્ય નથી. શિલાને ઘડનારો તે શિલાવટ – તેનું અપભ્રંશ રૂપે "સલાટ" શબ્દ છે.

જૈન ગ્રંથોમાં ઉલ્લેખ છે કે ચક્રવર્તી રાજા પાસે ચૌદરત્નો સદા હાજર રહેતા હતા. જેથી આ રાજા જે ચીજની ઈચ્છા કરે તેવી જ તે વસ્તુ તેની પાસે ખડી થાય આ ચૌદ રત્નમાંના એકનું નામ વર્ધકી આપે છે. તેનું કામ રાજા જેવી ઈચ્છા – આજ્ઞા કરે તેવું જ સ્થાપત્ય બાંધકામ ત્વરિત ઉભું કરી દેવાનું હતું.

## ૨.૧.૫.સ્થાપત્યના આઠ અંગો

"સમરાંગણ સૂત્રધાર"માં સ્થાપત્યનાં આઠ અંગોનો નિર્દેશ કર્યો છે.

(૧) વાસ્તુપુરુષની વિકલ્પના (વા.પુ.ની રચના)

(૨) પુરનો વિનિવેશ (નગર રચના)

દ્વારકર્મ (દરવાજાની રચના)

રથ્યા વિભાગ – મોટા માર્ગોનું (રથો ચાલી શકે તેવાનું)

વિભાજન, પ્રાકારનિવેશ (કોટની રચના) તેના ઉપર અટ્ટાલકની રચના, કોટ ઉપરનું રણગૃહ, પ્રતોલીઓના વિભાગ સ્થાનો અર્થાત્ અંદરની શેરીના વિભાગ સ્થાનો વગેરે.

(૩) પ્રાસાદ અથવા દેવમંદિર

(૪) ઈન્દ્રધ્વજની રચના

(૫) રાજાનો મહેલ અને તે સંબંધી બીજા સ્થાનોનું વિભાજન

(૬) ચાતુવર્ણ્યના વિભાગ પ્રમાણે ગ્રહોનો વિભાગ અર્થાત દરેક વર્ણના વાસ

(૭) યજમાનની શાલાનું માપ એટલે કે યજ્ઞવેદીનું માપ, પ્રમાણ અને કોટી હોમનો વિધિ

(૮) રાજાની શિબિરનો નિવેશ અર્થાત્ છાવણીની રચના તેમજ દુર્ગોની રચના.

પ્રાચીન ભારતીય શિલ્પકળા અને સ્થાપત્યમાં વર્ણવ્યા મુજબ 'વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્ર'માં અનેક બાબતોનો ઉલ્લેખ છે.

(૧) ન્યાયશાળા (૨) માર્ગશાળા (૩) પુસ્તકશાળા (૪) વિદ્યાભવન (૫) નાટક સંગીતશાળા ઉપરાંત કૂપના દશ પ્રકારો જેમકે (૧) શ્રીમુખ (૨) વિજય (૩) પ્રાંત (૪) દુદુંભિ (૫) મનોહર (૬) ચૂડામણિ (૭) દિગ્ભદ્ર (૮) જય (૯) નન્દ (૧૦) શંકર

આ પ્રકારો તેમના પરિમાણો ઉપરથી થયેલા છે. જેમ કે શ્રીમુખ ચાર હાથનો, તો શંકર તેર હાથનો. આ બધા કૂવાઓ ગોળાકાર હોય છે. શ્રીમુખના નાના કૂવાઓ 'કૂપિકાઓ' કહેવાય છે.

જેમકે **ચાર પ્રકારની વાવ**ની રચના વિશે પણ વર્ણન છે.

(૧) એક વકત્ર એટલે કે એક મુખ અને ત્રિકૂટ અર્થાત ત્રણ શિખરોવાળી વાવ તે નંદા.

(૨) દ્વિવકત્ર અને છ ફૂટવાળી વાવ તે ભદ્રા.

(૩) ત્રણ વકત્ર અને નવફૂટ વાળી વાવ તે જયા.

(૪) ચાર વકત્ર અને બાર ફૂટવાળી વાવ તે વિજયા.

ચાર પ્રકારના કુંડ

(૧) ભદ્રક

(૨) સુભદ્રક

(૩) નંદ

(૪) પરિગ્રહ

આ ઉપરાંત **છ પ્રકારના તળાવોનો** પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧) અર્ધચંદ્રાકારનું સર

(૨) ગોળાકારનું મહાસર

(૩) ચોરસાકારનું ભદ્રક

(૪) અનેક ભદ્રવાળું સુભદ્રક

(૫) બકૈક સ્થલ તે પરિગ્રહ

(૬) બંને કિનારા ઉપર હોય તે યુગ્મપરિગ્રહ

આ વર્ણનો પરથી ખ્યાલ આવે છે કે વાસ્તુમાં કેટલા પ્રકારના બાંધકામો કરવામાં આવતા હતા. બીજા ગ્રંથોના ક્રીડાગૃહ, કીર્તિસ્તંભો, તોરણો વગેરેનો પણ સમાવેશ થયેલા છે. ઈમારતી રચનાઓ ફર્નિચરો, વિવિધ પ્રકારના વાહનોના બાંધકામનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

## ૨.૧.૬ સ્થાપત્યનું મહત્ત્વ

ભારતીય સ્થાપત્ય એ ગૌરવપૂર્ણ છે. તેનું મહત્ત્વ આંકીએતો

❋ પ્રાચીન સ્થાપત્ય તથા સાહિત્ય વડે જ તે દેશની સંસ્કૃતિનું મૂલ્ય અંકાય છે.

❋ સ્થાપત્યમાં શરીરાવયવાભિવ્યકિત નિષ્ણાંત સ્થપતિઓની કલાની પરાકાષ્ઠા છે. વિશાલ ભવનો રાજયપ્રાસાદો અને દેવપ્રાસાદોની રચના ગૌરવનું પ્રતિક છે. સ્તંભો તોરણો, ઉત્તંગ શિખર, કલામય વિજ્ઞાન એ મંદિર સ્થાપત્યના અંગો છે એ સ્થપતિની કલામય અલંકૃતિ છે.

જેમકે પુનર્જન્મના સિદ્ધાંત મુજબ સૃષ્ટિના જીવો વિકાસ સાધતા અનેક ઉચ્ચકોટિની યોનિઓમાં જન્મતા જન્મતા આખરે બ્રહ્મમાં વિલીન થાય છે. આ સિદ્ધાંત દેવમંદિરના શિખરરૂપ શંકુના આકારે મૂકયો છે. જેમાં ભારતીય શિલ્પ-વિધાન અંડ સૃષ્ટિના સિદ્ધાંતની વિલીનતાનું દર્શન કરાવે છે.

❋ શિલ્પસ્થાપત્ય એ માનવજીવનનું અત્યંત ઉપયોગી અંગ છે. તે દ્વારા જ પ્રજાજીવનનો વિકાસ, સુઘડતા, ધ્યેય અને કલાપ્રિયતા સ્પષ્ટ જોઈ શકાય છે.

❋ સ્થાપત્યકલા હૃદય તેમજ ચક્ષુ બંનેને આકર્ષે છે. સમસ્ત દુનિયામાં ભારતના સ્થાપત્ય માટે માન છે.

❋ ભારતમાં સ્થાપત્યનો પ્રારંભ ધર્મભાવનાથી થયેલ છે. તેથી શિલ્પશાસ્ત્ર ધર્મસહિષ્ણુતા સાથે સંકળાયેલા છે. તેની બુદ્ધિપૂર્વકની રચના આપણા મહાન આચાર્યોએ કરેલ છે. ધર્મપ્રર્વતક ભારતીય શિલ્પ સ્થાપત્ય છે.  શિલ્પની કેટલીક શૈલી જ ભારતની આધ્યાત્મિક વિચારધારામાંથી ઉદ્ભવી છે.

❋ સ્થાપત્ય કે કલા એ કોઈ ધર્મ કે જાતિની નથી. એ તો સમગ્ર માનવની છે. ભારતીય શિલ્પીઓએ આ કલા દ્વારા સ્વર્ગને પૃથ્વી પર ઉતારેલ છે અને રાષ્ટ્ર જીવનને સમૃદ્ધ તથા પ્રેરણા આપી છે અને જનતા-જનાર્દન અને ધર્મ સંસ્કૃતિના પ્રતિકનું પ્રસ્થાપન કર્યું છે.

❋ ભારતીય શિલ્પીઓએ પુરાણોના પ્રસંગોને પાષાણમાં સજીવન કર્યા છે તેની સર્જન શકિત પરમ પ્રશંસાને પાત્ર છે. પાષાણ શિલ્પે શૌર્યગાથા અને ઈતિહાસ સર્જેલ છે. આમ, જડ પાષાણને વાચા આપનાર આવા કુશળ શિલ્પીઓ પણ કવિ જ છે.

❋ શિલ્પકારો રંગની મદદ વગર પાષાણમાં ભાવાત્મક અને કલાત્મક સર્જન કરેલ છે. ત્યાંજ તેની અપૂર્વ કલાત્મક શકિત દેખાય છે. ભારતીય કલા શિલ્પ સ્થાપત્યમાં ઘણો કિંમતી ફાળો આપેલ છે.

❋ ભારતીય સ્થાપત્યની રચના સપ્રમાણતા તથા કલાત્મક અંગો જોનારને મંત્રમુગ્ધ કરે છે. કેટલીક મૂર્તિઓ સંબંધી પુરાવાઓ તે સમયની સ્થાપત્યકલાનો પરિચય આપે છે. મોહે-જો દડોમાંથી મળેલ પોચા આરસની એક ધ્યાનીની મૂર્તિ ઉપર રાસાયણિક પ્લાસ્ટર કરેલ છે. તેનું નીચુ કપાળ, આગળ પડતું નાક અને ભરાવદાર હોઠ તે સમયના માનવીનો ખ્યાલ આપે છે.[૭]

❋ ભારતીય મૂર્તિકલામાં દેવોની પ્રતિમા સાધારણ માણસ માટે બોધગમ્ય છે. પરંતુ નાનાવર્ગીય પશુ-પક્ષી, દેવયોનિ, કિન્નર, ગંધર્વ, અપ્સરાઓ, સુર-સુંદરી, શાર્દૂલ, ગજ, મિથુન, ઈત્યાદિ પ્રતિમા પ્રાસાદ ચિત્રણનું અંગ છે.

❋ સ્થાપત્યના આકરા સિદ્ધાંતો આ કલાથી જાણી શકાય છે. જે સગવડતા તરફ દોરી જાય છે. કોઠાર, સ્નાનગૃહ, હથિયારગૃહ, પૂજાગૃહ વગેરે કયાં કેવી રીતે કરવા તેનું સવિસ્તર વર્ણન સ્થાપત્ય કલાથી જાણી શકાય છે.

દા.ત. છ જાતિના ગૃહોની છાદ્ય છ પ્રકારની જાણવી તે વર્ણન શિલ્પસ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્ પૃ.૧૬ પર જોવા મળે છે.

(૧) પાંદડા (૨) પાટિયા (૩) વાંસ (૪) માટી ઈંટ (૫) પાષાણ (૬) તૃણ આ પ્રકારે ગૃહ છ પ્રકારના છે તેથી વિશેષરૂઢિથી જાણવા.

## ૨.૨. ભૂમિવિચાર

### ૨.૨.૧ ભૂમિકાઃ

ભવનનિર્માણની પ્રક્રિયામાં પ્રથમચરણ ભૂમિ છે. વાસ્તુશાસ્ત્રમાં ભૂખંડનું પરીક્ષણનું મહત્ત્વ છે. ભારતીય સંસ્કૃતિમાં ભૂમિને માતા કરી છે. તેથી ભૂમિ આરાધ્ય છે.

સુવિધાપૂર્ણ વાતાવરણ, હરીયાલી તથા જલ એ સિવાય તે પણ જોવું જોઈએ કે તે ભવનનિર્માણ માટેની જમીન યોગ્ય છે કે નહિં.

શિલ્પશાસ્ત્રસંગ્રહમાં વર્ણવ્યાનુસાર

नमस्ते वास्तुपुरूष भू शय्या निरत प्रभो ।
मद्गृहे धनधान्यादिसमृद्धिं कुरू सर्वदा ।। [८]

હે વાસ્તુ પુઢષ! તમને નમસ્કાર કરું છું. આપ પૃથ્વી શય્યામાં રહેલા નિરત પ્રભુ છો, તે મારા ભવનમાં નિરંતર ધન, ધાન્ય ઈત્યાદિની સમૃદ્ધિ કરો.

### ૨.૨.૨ ભૂમિવિચાર

શુભ દિવસે સૌથી પ્રથમ ભૂમિની પરીક્ષા કરીને વાસ્તુદેવનું પૂજન કરવું.

બૃહદ્સંહિતાનુસાર -

शस्त्रौषधि द्रुम- लता- मधुरा- सुगन्धा,
स्निग्धा समा न सुषिरा च मही नराणाम् ।
अप्यध्वनि श्रम विनोदमुपागतानाम्
धते श्रियं कियुत शाश्वत-मन्दिरेषु ।।

જે અનેક પ્રકારની ઔષધિ, વૃક્ષ, લત્તાથી સુશોભિત હોય, મધુર સ્વાદવાળી, સુગંધવાળી, ચિકણી, પથ્થર છિદ્રોથી રહિત હોય, માર્ગના શ્રમને શાંત કરી મનુષ્યને આનંદ દેવાવાળી હોય, એવી ભૂમિ પર ઉત્તમ મંદિર ભવન શા માટે ન બનાવવું?

श्वेता ब्राह्मणा भूमिः काचं घृतवदगंधा शुभस्वादिनी ।
रक्ता शोणितगंधिनी नृपतिभूः स्वादे कषाया च सा ।।
स्वादेऽम्ला तिलतैलगंधिरूदिता पीता च वैश्यामही ।
कृष्णा मत्स्य-सुगंधिनी च कटुकाशूद्रेति भूः लक्षणम् ।। [९]

"જે પૃથ્વી રંગે ધોળી હોય તથા ઘી જેવી સુગંધ હોય અને જેનો સ્વાદ ખારો હોય તેવી ભૂમિમાં બ્રાહ્મણે આશ્રય કરવો. તથા જે ભૂમિ રંગે લાલ હોય અને રૂધિર જેવી સુગંધી તથા હરડે જેવો સ્વાદ હોય તેવી ભૂમિમાં ક્ષત્રિયે ભવન કરવું તથા જે પૃથ્વીનો રંગ પીળો હોય અને તલના તેલ જેવી સુગંધ અને સ્વાદમાં ખાટી હોય તેવી જમીનમાં વૈશ્યે ભવન કરવું અને જે પૃથ્વીનો રંગ કાળો હોય તથા માછલાં જેવી સુગંધ અને સ્વાદમાં કટું હોય તેવી જમીનમાં શુદ્રે ઘર બાંધવું.

| | |
|---|---|
| બ્રાહ્મણ – શ્વેતભૂમિ | ક્ષત્રિય – લાલભૂમિ |
| વૈશ્ય – પીળી ભૂમિ | શુદ્ર – કાળી ભૂમિ |

વળી, સફેદ, લાલ, પીળી, ઘોડાનો હણહણાટ તેમજ હાથીઓની ચિંઘાડથી ભરેલી છ પ્રકારનાં રસોથી સંપન્ન, એક વર્ણવાળી, ગાય-બળદ વગેરે પશુ ધાન્ય એમ કમલથી સુગંધયુકત, દક્ષિણ અથવા પશ્ચિમ દિશા તરફ ઉંચી બનેલી, ઉત્તર કે પૂર્વને નદીઓ સીમાથી બંધાયેલી, ઉત્તમ સુરભિની સમાન, અસ્થિઓથી રહિત, જયાં બીજ વગેરે સુકાઈ જતા નથી આવી ભૂમિ બધાનાં નિવાસ માટે યોગ્ય છે. આવું શ્રેષ્ઠ મનિઓનું માનવું છે.

## ૨.૨.૩ ભૂમિપરીક્ષણ અને તેની રીતો

### મંદિર ભૂમિપરીક્ષણ

જે લાંબા સમય સુધી સ્થિર રહી બધા જ જીવોના કલ્યાણ માટે સાધન બની શકે, શુદ્ધ, સ્નિગ્ધ, સુગંધયુકત, દૂર્વાથી આચ્છાદિત હોય પરંતુ પોલી, કીડા મકોડાવાળી હોય આચાર્ય જયસેને નગરના શુદ્ધ પ્રદેશમાં નદીની નજીક અને પવિત્ર તીર્થભૂમિમાં મંદિરનિર્માણને શુભ બતાવ્યું છે.

## ભૂમિપરીક્ષણની જુદી-જુદી રીતો

(૧) ભૂમિમાં ૨૪ આંગળ ઊંડો ખાડો ખોદીને કાઢવામાં આવેલી માટીથી તે ખાડાને ભરી દેવાનો અને જો માટી વધે તો ભૂમિ ઉત્તમ, જો ખાડો બરાબર ભરાય તો ભૂમિ મધ્યમ અને ખાડો ખાલી રહે તો ભૂમિ હીન જાણવી.

(૨) ભૂખંડની ઉત્તર દિશામાં દોઢ ફૂટ ખાડો કરી, તેમાંથી માટી કાઢીને તેના મોઢા સુધી પાણી ભરી દેવાનું અને પછી ઉત્તર દિશાની મુખ તરફ સો પગલા ચાલવું અને પાછા આવીને જોવું કે ખાડામાં પાણી ભરેલું હતું તેટલુ જ હોય તો ભૂમિ શ્રેષ્ઠ છે. આ ભૂમિ પર ભવન નિર્માણ શ્રેષ્ઠ છે. જો ખાડામાં અડધું પાણી બાકી હોય તો તે ભૂમિ અશુભ છે.

(૩) વિશ્વકર્મા પ્રકાશમાં ભૂમિપરિક્ષણની રીતનું વર્ણન છે. ખાડાને ચારે બાજુથી લીપીને તેમા કાચી માટીના દીવાથી ઘી ભરી ચારે બાજુ દીવા પ્રગટાવવા અને જોવાનું કે કઈ દિશામાં જયોત વધારે પ્રકાશિત છે. જે દિશામાં જયોત વધારે પ્રકાશિત હોય તે ભૂમિ બ્રાહ્મણ (પૂર્વ) પશ્ચિમ (ક્ષત્રિય), ઉત્તર (વૈશ્ય), દક્ષિણ (શુદ્ર) વગેરે વર્ણની અનુક્રમે જાણવી.

(૪) જે ભૂમિમાં મંદિર અથવા ઘર બનાવવું હોય તે ભૂમિ પ્રદેશને હળ સાથે જોડીને તેમાં અનાજ વાવી દેવું જો તે બીજ ત્રણ રાત્રિમાં અંકુરિત થાય તો તે સર્વશ્રેષ્ઠ, જો તે પાંચરાત્રિમાં અંકુરિત થાય તો તે મધ્યમ, જો તે સાત રાત્રિમાં અંકુરિત થાય તો તે ભૂમિ અધમોધમ છે.

(૫) જે ભૂમિના ધૂળના કણ લઈને આકાશમાં ફેંકી જોવાનું કે કણની નીચે, મધ્યભાગ યા તો ઉપરની તરફ જાય છે કે કયાં જાય છે. રેતકણ જયાં જાય છે ત્યાં રાજાની વૃદ્ધિ થાય છે. હળથી જોડવામાં આવેલી જમીનમાં ઉગાડવામાં આવેલા બીજોવાળી અથવા બ્રાહ્મણે બતાવેલી જમીનમાં જયોતિષે બતાવેલી જમીનમાં શુભમુહૂર્તમાં ગૃહપતિએ પ્રવેશ કરવો.

## ૨.૨.૪ ભૂમિના પ્રકારો

(૧) ગજપૃષ્ઠ ભુમિ – જે ભૂમિ દક્ષિણ, પશ્ચિમ, નૈઋત્ય, તથા વાયવ્યમાં ઊંચી હોય તેને ગજપૃષ્ઠ ભૂમિ કહેવાય છે. તેનાથી ધનલાભ, આયુવૃદ્ધિ થાય છે.

(૨) કર્મપૃષ્ઠ ભૂમિ – જે ચારે બાજુ નીચી અને ઊંચી હોય તો તે કર્મપૃષ્ઠ જાણવી તેનાથી ઉત્સાહ, સુખ મળે છે.

(૩) દૈત્યપૃષ્ઠભૂમિ – જે ભૂમિ, ઈશાન, અગ્નિ અને પૂર્વ દિશામાં ઊંચી પરંતુ પશ્ચિમમાં નીચી હોય તે પ્રસ્તુત પ્રકારની જાણવી. તેનાથી સુખ-શાંતિની હાનિ થાય છે.

(૪) નાગપૃષ્ઠભૂમિ – જે ભૂમિ પૂર્વ-પશ્ચિમમાં લાંબી ઉત્તર-દક્ષિણમાં ઊંચી હોય વચ્ચે નીતી હોય તો તે નાગપૃષ્ઠ જાણવી. તેમાથી મૃત્યુભય, જાનહાનિ થાય છે.

धर्मागमे हिमस्पर्शा या स्वादुष्णां हिमागमा ।
प्रावृष्युष्णा हिमस्पर्शा सा प्रशस्ता वसुन्धरा ।।[१०]

જે ગ્રીષ્મમાં ઠંડી, શીતમાં ગરમ, વર્ષામાં ગરમ-ઠંડી રહે તે પ્રશંસનીય છે.

## ૨.૨.૫.ભૂમિમહત્ત્વ

ભૂમિના મહત્ત્વને સ્પષ્ટ કરતી કથા[૧૧] દશરથ રાજા-શ્રવણની છે. જયારે રાજા દશરથના હાથે દ્વારા શ્રવણનું મૃત્યુ થયું હતું ત્યારે તે પહેલા પોતાના માતા-પિતાને લઈને કાવડમાં તીર્થયાત્રા માટે જાય છે. ગુજરાત પ્રાંતના દાહોદ ગામના નદી કિનારે વિશ્રામ માટે રોકાયો ત્યારે તેમના મનમાં ક્ષણવાર માટે એક વિચાર ઉઠયો કે શું સારી જીંદગી મા-બાપની સેવામાં જ મારે વીતાવવાની ? પણ તરત જ તે નદીને બીજે પાર જવા લાગ્યો.

જયારે તે મધ્યમાં પહોંચ્યો કે તેના વિચારમાં પરિવર્તન આવ્યું અને થયું કે હું મારા મા-બાપનો એક નો એક સહારો છું. આવું મારાથી ન થાય અને તે તરત જ તેની સાથે આજીવન સેવા માટે તૈયાર થયા. તેના માતા-પિતાને તેમણે વાત કરી તો તેમણે કહ્યું કે તેમાં તારો વાંક નથી તે ભૂમિનો વાંક છે. તે ભૂમિ શાપિત હોવાથી તારા મનમાં કુવિચાર આવ્યા હવે જે વિચાર આવ્યો છે તપસ્વીઓના ચરણ-સ્પર્શની ભૂમિ છે.

જમીનનો પ્રભાવ મનુષ્ય પર કેટલી હદ સુધી પડે છે. તેનું જ્ઞાન ઉપરોકત કથા પરથી સ્પષ્ટ થાય છે. ભૂમિપરીક્ષણ વર્ણ ભેદના થી ન કરતા ગુણધર્મ પર આધારિત વર્ણ વિચારથી કરવું જોઈએ.

ભૂમિના રૂપ, રસ, ગંધ બાબતે ઘણી બધી માન્યતાઓ પ્રવર્તે છે. તેના દ્વારા જમીનની વિશેષતાને સ્પષ્ટ કરે છે.

❖ જે જમીન સફેદ હોય અને ઘી ની સુગંધ આવતી હોય તે બ્રાહ્મણ જાતિ માટે યોગ્ય છે. બુદ્ધિજીવી માટે યોગ્ય છે.

❖ જે જમીન લાલ હોય અને રકતની સુગંધ આવતી હોય તો ક્ષત્રિયના મકાન માટે યોગ્ય છે.

❖ જે પીળી હોય અને તલના તેલની સુગંધ આવતી હોય તથા જમીનની માટીની પરખ કરવાથી ખાટો સ્વાદ હોય તો તે વૈશ્ય જાતિ માટે અનુકૂળ છે.

❖ જે જમીન કાળી હોય અને માછલીની ગંધ હોય તેની માટીનો સ્વાદ કડવો આવતો હોય તે શૂદ્ર જાતિ માટે અનુકુળ છે.

કપિલમુનિના સાંખ્યશાસ્ત્રાનુસાર માનવીય સૃષ્ટિના બધા જ પદાર્થો, પ્રાણી, વૃત્તિઓ, કર્મ તે બાંધાનું સત્વ, રજ, તમસ્નું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.[૧૨]

| ગુણ | સત્વ | રાજસ | રાજસ+તામસ | તામસ |
|---|---|---|---|---|
| જાતિ | બ્રાહ્મણ | ક્ષત્રિય | વૈશ્ય | શૂદ્ર |
| ગ્રહ | બૃહસ્પતિ | મંગલી | બુધ | રાહુ, શનિ |
| રંગ | સફેદ | લાલ | – | કાળો |
| સ્વાદ | મધુર | તીખો,કડવો | ખાટો | કડવો |
| પદાર્થ | શક્કર, ચણા દૂધ, ઘી | મરચું, હરડે કાળા મરી, લસણ,મગફળી ડુંગળી, જીરા | તલ, મગ છાસ | માંસ, મછલી મદિરા |
| ગંધ | મીઠું, ઘી | રક્ત જેવું | તલ જેવું | મદિરા, માંસ, |
| સ્વભાવ | શાંતિ અને ધર્મપ્રિય | ઉગ્ર, ક્રોધીત કામાતુર | ધનપ્રિય, પ્રવૃત્તિશીલ | આળસુ, મૂર્ખ, સુસ્ત |

આમ, અલગ-અલગ જમીનની વિશેષતાઓ બનાવવામાં આવી છે.

## ૨.૨.૬ વેધદોષ

ભૂખંડની નિકટમાં દર, સ્તંભ, નાળ વગેરે સ્થિત હોવાથી પણ પ્રભાવિત હોય છે તેથી કેટલાક વેધ નીચે મુજબ છે.

❖ જે મકાન પર દેવાલયની છાયા પડતી હોય તે વેધયુક્ત ગણાય છે.

❖ નિર્મિત ભવનની ઊંચાઈથી બે ગણી દૂરી સુધી ભૂખંડની પાસે, સામે અથવા પાછળ મંદિર કે દેવાલય ન હોવું જોઈએ.

❖ કીચડ-ભવનની પાસે અથવા મુખ્યદ્વારની સામે કીચડ ન હોવો જોઈએ.

❖ જે ભૂમિ વાનર રહે છે તે ભૂમિ શનિપ્રધાન હોય છે. વાનરો પર શનિનું આધિપત્ય છે. તેવી ભૂમિ પર મકાન બનાવીએ તેમાં રહેવાવાળા દુઃખી થાય છે. નિત્યશોક અને ભય રહે છે. બધુ જ કાર્ય વિલંબે થાય છે. પરિશ્રમ કરવો પડે છે.

❖ સ્તંભ તેમજ પથ્થર ઈશાનખૂણામાં ન હોવા જોઈએ.

❖ જે ભૂમિ પર તુલસી કે અઘેડો આપમેળે ઊગેલા હોય તે જમીન શુભ છે.

❖ જે જમીન પર દ્રાક્ષના વેલાઓ કે દાડમી ઉગેલી હોય તે જમીન પણ સારી ગણાય છે.

❖ જે જમીન પર કાંટાળા વૃક્ષો, ખીજડો, બોરડી વગેરે સૂકા વૃક્ષો ઉગેલા હોય છે તે જમીન અશુભ ફળ દેનારી ગણાય છે. થોર, કુંવાર વગેરે પણ સારા નહી.

❖ ભવન કે ભૂખંડની નજીક દક્ષિણ અથવા પશ્ચિમ દિશાની સમાંતર કોઈ નદી, નાળુ, શહેર કે પાણીની ટાંકી, જળાશય વગેરે ન હોવા જોઈએ. વાસ્તુશાસ્ત્રમાં આ સ્થિતિને દોષપૂર્ણ માનવામાં આવે છે. પરંતુ જો ભવનની ઉત્તર કે પૂર્વ દિશામાં  કોઈ નદી કે નહેર અથવા કોઈ વહેતા પાણીનો સ્ત્રોત છે જેમ વહેણ પશ્ચિમથી પૂર્વ અથવા દક્ષિણથી ઉત્તરની બાજુ હોય, ભવન કે ભૂખંડની બાજુ ઈશાન તેમજ ઉત્તરના અતિરિકત બીજી દિશાઓમાં જળાશય, ટયુબવેલ, હેડપમ્પ વગેરે ન હોવા જોઈએ.

❖ જે ભૂમિ પર ગધેડા, શ્વાન, શિયાળ, ભૂંડ જેવા અપવિત્ર પ્રાણીઓ નિયમિત વિહાર કરતા હોય છે, બેસતા હોય છે તે ભૂમિ અપવિત્ર ગણાય છે.

❖ જે ભૂમિ પર વાઘ, સિંહ, દીપડા, હિંસક પ્રાણીઓ વસવાટ કરતા હોય તે ભૂમિ ત્યાગવી. આવી ભૂમિ મંગળપ્રધાન કે કેતુ ગણાય છે.

❖ જે ભૂમિ પર કાગડાઓ બેસતા હોય છે તે ભુમિ લક્ષ્મીદાયક ગણાય છે. આવી ભૂમિ પર વસવાથી પિતૃકૃપાથી ખૂબજ ધન મળે છે. કાગડાઓ જયાં સાયંકાળે અને રાત્રે વસવાટ કરે છે તે ભૂમિમાં ગુપ્તધન હોવાની શકયતા રહે છે.

❖ જે જમીનમાં કોલસો અને લોખંડ, સીસુ જેવી કાળી ધાતુઓ નીકળતી હોય તે ભૂમિ આસુરી ગણવી.

❖ જે ભૂમિમાંથી રત્નો, સુવર્ણ નીકળે તેમાં વસવાટ ન કરવો.

❖ જે ભૂમિમાં બીજ વાવવાથી ત્રણ દિવસમાં ઉગે તેવી સમચોરસ, ઉંચાઈ વગરની, શલ્ય રહિત જમીન સુખ આપનારી છે.

## ૨.૨.૭ ભૂખંડ વિસ્તાર

'भारतीय वास्तु एवं भवनप्रारूप'  માં જણાવ્યાનુસાર ભૂખંડનો ઈશાનખૂણામાં વિસ્તાર

(૧) ઈશાન ખૂણામાં પૂર્વ થી ઉત્તર દિશાની બાજુ વિસ્તાર

(૨) ઈશાન ખૂણામાં ઉત્તરની દક્ષિણ બાજુ વિસ્તાર

(૩) ઈશાન ખૂણામાં પૂર્વ તેમજ ઉત્તર બંને બાજુ વિસ્તાર

આ ત્રણે સ્થિતિઓ શુભફળદાયક છે.

✵ **અગ્નિખૂણામાં વિસ્તારઃ**

(૧) અગ્નિખૂણામાં દક્ષિણ થી પૂર્વ દિશાની બાજુ વિસ્તાર

(૨) અગ્નિખૂણામાં  પૂર્વ થી દક્ષિણ દિશાની બાજુ વિસ્તાર

આ સ્થિતિ સુખદાયક નથી.

✵ **નૈઋત્યકોણમાં વિસ્તાર :**

(૧) નૈઋત્ય ખૂણામાં પશ્ચિમ થી દક્ષિણ દિશાની બાજુ વિસ્તાર

(૨) નૈઋત્ય ખૂણામાં  દક્ષિણ થી પશ્ચિમ દિશાની બાજુ વિસ્તાર

(૩) નૈઋત્ય ખૂણામાં  દક્ષિણ તેમજ પશ્ચિમ  બંને દિશાઓમાં  વિસ્તાર

આ ત્રણે સ્થિતિઓ ભવનનિર્માણ માટે નિકૃષ્ટ અથવા લાભદાયી નથી.

✵ **ભૂખંડનો વાયવ્યખૂણામાં વિસ્તારઃ**

(૧) વાયવ્ય ખૂણામાં ઉત્તરથી પશ્ચિમ દિશા તરફ વિસ્તાર

(૨) વાયવ્ય ખૂણામાં પશ્ચિમ થી ઉત્તર દિશા તરફ વિસ્તાર

(૩) વાયવ્ય ખૂણામાં પશ્ચિમ તેમજ ઉત્તર અને દક્ષિણ દિશા તરફ વિસ્તાર આ નિકૃષ્ટ છે.

## ૨.૨.૮ ભૂખંડનો હ્રાસ

'भारतीय वास्तु एवं भवनप्रारूप' માં ભૂખંડનો વિભિન્ન ખૂણાઓનો હ્રાસનો શુભાશુભ આગળ ની જેમ જ છે.

✵ **ભૂખંડનો ઈશાનખૂણામાં હ્રાસ**

ભૂખંડનો ઈશાનકોણમાં હ્રાસની ત્રણ સ્થિતિઓ બને છે.

(૧) ઈશાન ખૂણામાં ઉત્તર થી પૂર્વ દિશાની બાજુ

(૨) ઈશાન ખૂણામાં પૂર્વ થી ઉત્તર દિશાની બાજુ

(૩) ઈશાન ખૂણામાં પૂર્વ તેમજ ઉત્તર દિશાઓમાં હ્રાસ

આ ત્રણે સ્થિતિઓ ભવનનિર્માણ માટે નિકૃષ્ટ છે. આ પ્રકારના ભૂખંડ પર ગૃહ નિર્માણ કરીને ધનહાનિ તેમજ દુઃખોમાં વૃદ્ધિ થાય છે.

## ❋ ભૂખંડનો આગ્નેય ખૂણામાં હ્રાસ

ભૂખંડનો આગ્નેય ખૂણામાં હ્રાસની ત્રણ સ્થિતિઓ બને છે.

(૧) આગ્નેય ખૂણામાં પૂર્વથી દક્ષિણની બાજુ હ્રાસ

(૨) આગ્નેય ખૂણામાં દક્ષિણથી પૂર્વ દિશા બાજુ હ્રાસ

(૩) આગ્નેય ખૂણામાં દક્ષિણ તેમજ પૂર્વ બંને દિશાઓમાં હ્રાસ

આ સ્થિતિઓ ભવનનિર્માણ માટે શ્રેષ્ઠ તેમજ શુભફળદાયી છે.

## ❋ ભૂખંડનો નૈઋત્ય ખૂણામાં હ્રાસઃ

ભૂખંડનો નૈઋત્ય ખૂણામાં હ્રાસની ત્રણ સ્થિતિઓ બને છે.

(૧) નૈઋત્ય ખૂણામાં દક્ષિણથી પશ્ચિમ દિશા બાજુ

(૨) નૈઋત્ય ખૂણામાં પશ્ચિમ તેમજ દક્ષિણ બંને દિશાઓમાં હ્રાસ

(૩) નૈઋત્ય ખૂણામાં પશ્ચિમ થી દક્ષિણ દિશા બાજુ.

આ ત્રણે સ્થિતિઓ ભવનનિર્માણ માટે નિકૃષ્ટ છે.

## ❋ ભૂખંડનો વાયવ્ય ખૂણામાં હ્રાસઃ

ભૂખંડનો વાયવ્ય ખૂણામાં હ્રાસની ત્રણ સ્થિતિઓ બને છે.

(૧) વાયવ્યકોણમાં પશ્ચિમ થી ઉત્તર દિશાની બાજુ હ્રાસ

(૨) વાયવ્યકોણમાં પશ્ચિમ તેમજ ઉત્તર બંને બાજુ હ્રાસ

(૩) વાયવ્યકોણમાં ઉત્તર થી પશ્ચિમ દિશાની બાજુ હ્રાસ

આ ત્રણે સ્થિતિઓ નિકૃષ્ટ છે. આમ, ભૂખંડની પસંદગી કરતી વખતે ભૂખંડના વિભિન્ન ખૂણાઓના વિસ્તાર અને હ્રાસને પણ વિચારવો પડે છે.

## ૨.૨.૯ માર્ગવેધદોષ યુકત ભૂખંડ

ભવનનિર્માણ માટે ભૂખંડની પસંદગી કરતી વખતે એ જાણવું જરૂરી બને છે. ભૂખંડમાં કઈ દિશામાં માર્ગ છે.

## ❋ એક દિશામાં માર્ગ વેધઃ

ઉત્તર દિશા, દક્ષિણ, પશ્ચિમ દિશામાં માર્ગ વેધ થવાથી ભવન-નિર્માણ માટે અયોગ્ય છે. પરંતુ ઉત્તર દિશામાં જો માર્ગ વેધ જો ઈશાન ખૂણામાં હોય, પૂર્વ દિશામાં ઈશાન ખૂણામાં, પશ્ચિમ

દિશામાં, વાયવ્ય ખૂણામાં, દક્ષિણ દિશામાં નૈઋત્ય ખૂણામાં હોય તો તે શુભફલદાયક બને છે. પૂર્વ દિશામાં માર્ગવેધ હોય તો પણ તે દોષયુકત માનવામાં આવતો નથી. ભવન નિર્માણ થઈ શકે છે.

### ❋ બે દિશાઓમાં માર્ગવેધઃ

ભૂખંડની સન્મુખ દિશાઓમાં માર્ગવેધ થવાથી ભૂખંડનો વેધ દોષયુકત માનવામાં આવે છે. આથી, તે પ્રકારને ભૂખંડ નિર્માણ કાર્ય માટે અનુપયુકત માનવામાં આવે છે.

### ❋ ત્રણ દિશાઓમાં માર્ગવેધઃ

ભૂખંડની કોઈપણ ત્રણ દિશાઓમાં માર્ગવેધ પણ દોષયુકત માનવામાં આવે છે. આથી નિર્માણકાર્ય માટે અયોગ્ય છે.

### ❋ ચાર દિશાઓમાં માર્ગવેધઃ

ભૂખંડની ચારે દિશાઓમાં માર્ગવેધ પણ દોષયુકત માનવામાં આવે છે. આથી નિર્માણ કાર્ય માટે અયોગ્ય છે. ભૂખંડ પર કોઈપણ દિશાથી જયાં માર્ગ સમાપ્ત થાય છે તો તે પણ દોષયુકત માનવામાં આવે છે. બંધ ગલીના અંતિમ સ્થિત મકાન પણ દોષયુકત ગણાય છે.

### ❋ માર્ગનો શુભાશુભ વિચાર / ભિન્ન ભિન્ન પ્રભાવઃ

#### એક દિશામાં માર્ગવાળા ભૂખંડ

જેની પૂર્વ દિશામાં માર્ગ હોય તે શ્રેષ્ઠ, દક્ષિણમાં હોય તે સામાન્ય, જેની પશ્ચિમ દિશામાં માર્ગ હોય તે પણ સામાન્ય ગણાય છે.

#### બે દિશામાં માર્ગવાળા ભૂખંડ

જેના ઉત્તર અને દક્ષિણ દિશામાં માર્ગ હોય તે સામાન્ય છે. જેની પૂર્વ કે પશ્ચિમ દિશામાં માર્ગ હોય તે પણ સામાન્ય ગણાય છે. જેની બે દિશાઓ ઉત્તર અને પૂર્વમાં માર્ગ હોય તેની ઉત્તમ સ્થિતિ કહેવાય છે.

#### ત્રણે દિશાઓમાં માર્ગવાળો ભૂખંડ

એવો ભૂખંડ કે જેની ત્રણ દિશાઓ પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશાઓમાં માર્ગ હોય તો સામાન્ય પ્રકારનો હોય છે. એવો ભૂખંડ કે જેની ત્રણ દિશાઓ દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાઓમાં માર્ગ હોય તે સામાન્ય શ્રેણીનો ગણાય છે. એવો ભૂખંડ કે જેની ત્રણ દિશાઓ ઉત્તર, પૂર્વ તેમજ દક્ષિણ દિશાઓમાં માર્ગ હોય તે સામાન્ય શ્રેણીનો હોય છે.

#### ચાર દિશાઓમાં માર્ગવાળો ભૂખંડ

જે ભૂખંડના ચારે દિશાઓમાં માર્ગ હોય એવા ભૂખંડની સ્થિતિ શ્રેષ્ઠ છે. જો ભૂખંડની ચારે

બાજુ માર્ગ હોય અને બધી દિશાઓ ચારે બાજુથી ખુલ્લી હોય તેવા ભૂખંડો પર ભવનનિર્માણ કરીને નિવાસ કરવાથી ભવનના સ્વામીના સુખ-સમૃદ્ધિ તથા ધન-ધાન્યમાં વૃદ્ધિ થાય છે.

## ૨.૩ શલ્યશોધનઃ

शल्यं गवांभूपभह्यांनारूजः सुनावैकलप्रणासो ।
स्वेराष्ट्रायोर्हानिमपत्यनाशं नृणामजंस्याग्नि भयंतनोति ।। [१२]

જમીનમાં બોર કર્યા પછી શલ્યશોધન કરવું જરૂરી છે. જો જમીનમાં શલ્ય રહી જાય અને ચણતર થઈ જાય તો ઘરધણીને ભારે દુઃખ ઉપજે છે.

રાફડાવાળી ભૂમિ, ક્ષારવાળી અન ફાટેલી ભૂમિ તથા શલ્યવાળી ભૂમિને દોષવાળી ગણાય છે. ક્ષારવાળી જમીનમાં વસવાટ કરનારને અનેક પ્રકારના રોગ થાય છે. ક્ષારવાળી તથા ફાટેલી જમીનમાં ઘર કરવાથી ઘરના મુખ્ય માણસનું મૃત્યુ થાય તથા શલ્યવાળી જમીનમાં ઘર કરવાથી દુઃખ થાય છે.

શલ્ય એટલે ખરાબ વસ્તુઓ જેવી કે પશુઓના હાડકા, મનુષ્યના હાડકા, ખોપરી, વાળ, લોખંડના ટુકડાઓ, રાખ વગેરે. આ તમામ વસ્તુઓ ઘર કરવાની ભૂમિમાંથી દૂર કરવાથી શલ્યદોષ દુર થાય છે.

શલ્યજ્ઞાન સમજવાની અને શલ્યદોષ દૂર કરવાની પદ્ધતિ વાસ્તુશાસ્ત્ર કે શિલ્પશાસ્ત્રના તમામગ્રંથોમાં કહેલી છે. અલબત્ત પદ્ધતિમાં ફેર છે. રાજવલ્લભ, ભૂપાલવલ્લભ, શિલ્પદીપક વગેરે ગ્રંથોમાં દર્શાવેલ છે.

प्रश्नत्रयं वापिगृहाधिं पेनेदेयस्य वृक्षस्यफलस्यवापि ।
वाच्यं हिकोष्टाक्षरसंस्थितेनशल्यं विलोक्यं भवनेषु सृष्टया
आ का चा टा ए त शा या य वर्गाप्राच्यांदिस्थे कोष्ठकेशल्यमुक्तम् ।
केशांगाराः काष्ठलोहा स्थिकाद्य तरमात्कार्य शोधनं भूमिकाया ः ।। [१३]

ભવનના નિર્માણકર્તાઓએ સમજવું જોઈએ કે ભવન નિર્માણ પહેલાં ભૂમિનો શલ્યોદ્ધાર ભૂમિગત અર્થાત ભૂખંડના ગર્ભમાં દબાયેલા દૂષિત પદાર્થોને બહાર કાઢવાથી થાય છે. જેની ભૂમિમાં દબાઈ રહેવાથી રોગ, ભય, અડચણો વગેરેનો સામનો કરવો પડે છે.

ભવનનિર્માણ સમયે વાસ્તુશાસ્ત્રાનુસાર નિર્માણકાર્યની પ્રક્રિયાઓને અપનાવવામાં આવે છે પરંતુ શલ્યોદ્ધાર વિના કરવામાં આવેલ ભવનનિર્માણ હંમેશા શુભફળદાયી હોતુ નથી આથી ભવનનિર્માણ કરતા પૂર્વે શલ્યોદ્ધાર જરૂરી છે. ભવનમાં પશુઓનું ચરવાનું સ્થાન, યજ્ઞશાળા, દેવાલય, પશુઓ બાંધવાનું સ્થાન વગેરે ભૂ-ભાગમાં શલ્ય રહેવાથી અનેક પ્રકારનાં કષ્ટો આવી પડે છે.

### ૨.૩.૧ શલ્યશોધન પદ્ધતિ[૧૪]

નીચે પ્રમાણે પ્લોટના નવ વિભાગો કરી તેમાં શુદ્ધ પૂર્વ દિશાના ખાનાથી શરૂ કરીને અનુક્રમે

આઠ અક્ષરો ઘડિયાળના કાટાની દિશામાં મૂકવા. ઘડિયાળના કાટાની દિશાને સૃષ્ટિમાર્ગ કહે છે પછી વચ્ચેના ખાનામાં નવમો અક્ષર મૂકવો. 'ભૂપાળ વલ્લભ' ગ્રંથમાં તે ૯ અક્ષરો અનુક્રમે આ રીતે દર્શાવ્યા છે.

અ   ક   ચ   ત   એ   હ   શ   પ અને ય

ત્યારબાદ ઘરધણી પાસે શ્રીફળ મૂકાવવું. ઘરધણી જે અક્ષરવાળા ખાનામાં શ્રીફળ મૂકે તે પ્રમાણે શલ્યકથન કરવું.

| વાયવ્ય | ઉત્તર | | ઈશાન |
|---|---|---|---|
| | હ | શ | પ |
| પશ્ચિમ | એ | ય | અ | પૂર્વ |
| | ત | ચ | ક |
| નૈઋત્ય | દક્ષિણ | | અગ્નિ |

ભૂમિમાં શલ્ય છે કે નહી, તેના માટે પ્રશ્નકર્તાના મુખથી નીચેના વર્ણો જો નીકળ્યા હોય તો શલ્યના વિષયમાં ભૂમિગત પદાર્થની જાણકારી અને ફળ નિમ્નાનુસાર મળે છે.

| વર્ણ | દિશા | શલ્ય | ઉંડાઈ | ફળ |
|---|---|---|---|---|
| અ | પૂર્વ | મનુષ્યના હાડકા | ૧, ૧/૨ હાથ | હમેંશા ભૂસ્વામી ને કષ્ટ |
| ક | અગ્નિ | ગધેડાના હાડકા | ૨ હાથ | રાજદંડ, પુત્રહાનિ, પશુહાનિ |
| ટ | નૈઋત્ય | કુતરાના હાડકા | ૨-૧/૨ હાથ | સંતતિ હાનિ |
| ચ | દક્ષિણ | માણસના હાડકા | - | વિનાશ, કષ્ટ |
| ત | પશ્ચિમ | બાળકના હાડકા | ૧-૧/૨ હાથ | ઉચ્ચાટન |
| હ/એ | વાયવ્યકોણ | હાડકા | ૪ હાથ | મિત્રનાશ, દુઃસ્વપ્ન |
| ય / શ | ઉત્તર | બ્રાહ્મણના | કમર નીચે | ધનનાશ |
| શ / પ | ઈશાન | ગાયના | ૧ હાથી નીચે | પશુ તેમજ ધનનાશ |

હ, ય, પ અક્ષરનું પ્રશ્નકર્તાની પૂર્વ ઉચ્ચારણ કરવાથી ભૂમિના મધ્યભાગમાં શલ્ય જાણવું. તેનાથી કુળની હાનિ થાય છે.

આ ખાનામાં કોઈ પર ખાના પર પ્રશ્નકર્તા આંગળી મૂકે અથવા સોપારી રાખે તો તે અક્ષરના સામે બતાવ્યા પ્રમાણે ફળ મળે.

જે સ્થાન પર શલ્ય હોય તે સ્થાન પર ગૃહસ્વામી અથવા ગૃહસ્વામીની લંબાઈની બરાબર ઊંડાઈ સુધી ખાડો ખોદી તેમાંથી માટી કાઢી ફેંકી દેવી તે માટીને કોઈ કાર્યમાં ઉપયોગમાં ન લેવી તેના સ્થાને નવી શુદ્ધ માટી ભરવાથી પણ શલ્યોદ્ધાર થઈ શકે છે.

જો ભૂખંડથી ૧૦ ફૂટથી વધારે ઊંડાઈમાં શલ્ય હોય તો દોષ રહેતો નથી.

શલ્યોદ્ધાર કર્યા પછી ભવનનિર્માણ કરવાથી ભૂમિસંબંધી દોષ રહેતો નથી. શલ્યોદ્ધાર ભવન બની જાય પછી કરવું અશક્ય છે.

## ૨.૩.૨ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ભવનનિર્માણ

પ્રાચીનકાળમાં ભવનનિર્માણ માટે ભૂખંડને કક્ષોમાં વિભાજીત કરવામાં આવતા પ્રત્યેક કક્ષ માટે એક નિશ્ચિત દિશા અને સ્થાન બતાવવામાં આવ્યું છે. વાસ્તુશાસ્ત્રાનુસાર ૧૬ ખંડોમાં કક્ષોનું વિભાજન કરી પ્રત્યેક કાર્યને માટે જુદી જુદી દિશાઓનો ઉલ્લેખ છે.

કોષ્ઠક [૧૬]

વાયવ્ય | ઉત્તર | ઈશાન

| | | | | |
|---|---|---|---|---|
| ધનાગાર | રતિગૃહ | ભંડારગૃહ | ઔષધિકક્ષ | પુજા સ્થળ |
| દંડસ્થાન | | | | કોષાગાર |
| ભોજનકક્ષ | | બ્રહ્મસ્થાન | | સ્નાનગૃહ |
| સ્વાધ્યાય કક્ષ | | | | દધિમંથન ગૃહ |
| શસ્ત્રાગાર | શૌચાલય | શયન કક્ષ | ઘી રાખવાનું સ્થાન | રસોઈ ગૃહ |

નૈઋત્ય | દક્ષિણ | આગ્નેય

તેથી અગ્નિનું આગ્નેય ખૂણામાં, પૂજા ઘર ઈશાન ખૂણામાં, શયનકક્ષ, અધ્યયન કક્ષ, અનાજનો કોઠાર આદિ આ ક્રમમાં નિર્ધારિત કરવો જરૂરી છે. રતિકક્ષાના સ્થાન પર મનોરંજન તથા અવિવાહિત સંતતિ માટે કક્ષ નિર્ધારિત કરી શકાય.

વાસ્તુશાસ્ત્ર પ્રમાણે જે દિશાઓ, ખૂણાઓ નિર્ધારિત કર્યા છે તે ક્રમમાં કક્ષોને માટે પાલન કરવું એ જ સાચા અર્થમાં વાસ્તુશાસ્ત્રના અનુસાર નિર્માણ કરવાનું છે. જો ઈચ્છાનુસાર કરવામાં આવે

તો હાનિ અને દુઃખો આવી પડે છે.

## ૨.૩.૩ કક્ષોનું વિભાજન

આજના યુગમાં માણસ પાસે એટલો મોટો ભુખંડ નથી કે તે સોળ કક્ષોના નિયમ પ્રમાણે ભવનનિર્માણ કરી શકે પરંતુ ઉપર્યુક્ત વાસ્તુના અષ્ટચક્ર પ્રમાણે ભવનના કક્ષોનું નિર્માણ કરી શકાય છે.

શુભ તેમજ અશુભ ઘરોને માટે પ્રાસાદોને માટે જયારે સિંહ, કુંભ, વૃશ્ચિક, વૃષભ રાશિનો સૂર્ય હોય ત્યારે ચારે દિશાઓમાંની કોઈપણ દિશાનાં દ્વારવાળા ભવનનો નિર્માણ કરી શકાય.

અષ્ટચક્ર [૧૭]

| | | |
|---|---|---|
| અન્નખંડ / ૨, બાલકક્ષ, શૌચાલય, સેપ્ટિટેંક, સ્નાનગૃહ | વિશ્રામ કક્ષ, સ્વાગત કક્ષ, ધન સંગ્રહ કક્ષ | પૂજા સ્થળ |
| બાલકક્ષ<br>ભોજન કક્ષ<br>સ્વાધ્યાયકક્ષ | બ્રહ્મસ્થાન<br>આંગણ<br>ખુલ્લી જગ્યા | સ્નાનગૃહ<br>મહેમાન<br>રસોઈ ગૃહ |
| મોટેરાઓનો શયન કક્ષ | શયન ગૃહ<br>ભંડાર ગૃહ | રસોઈ ગૃહ<br>વીજળીનું મીટર |

વિભિન્ન કક્ષો, હેતુઓ, દિશાઓ

| દિશા | ભવનનો ત્યાગ |
|---|---|
| ઉત્તર પૂર્વ | બાલ્કની |
| પૂર્વ દક્ષિણ | સ્નાનગૃહ, શયનકક્ષ |
| ઉત્તર પૂર્વ | નલઘર |
| ઉત્તર પશ્ચિમ | બાલકક્ષ |
| ઉત્તર પશ્ચિમ | ગોશાળા |
| ઉત્તર ઉત્તર પૂર્વ | દરવાજાઓ |

| | |
|---|---|
| ઉત્તર પશ્ચિમ | ખાદ્ય-ભંડાર ગૃહ |
| ઉત્તર પૂર્વ | ભોજન કક્ષ |
| દક્ષિણ, પૂર્વ, ઉત્તર, પૂર્વ | ખુલ્લી જગ્યા |
| ઉત્તર પશ્ચિમ | અતિથિગૃહ |
| દક્ષિણ પૂર્વ પશ્ચિમ | રસોઈઘર |
| દક્ષિણ પશ્ચિમ | સીડી |
| દક્ષિણ પશ્ચિમ | ભંડાર |
| ઉત્તર | તિજોરી |
| ઉત્તર પૂર્વ | પૂજાઘર |
| દક્ષિણ પૂર્વ ઉત્તર પશ્ચિમ | શૌચાલય |
| ઉત્તર પૂર્વ | કૂવો-ટયુબવેલ |

## ૨.૩.૪ દૂષિત ગૃહો / અશુભ ગૃહો

વાસ્તુશાસ્ત્રમાં દૂષિતગૃહો કોને કહેવાય તેની પણ ચર્ચા થયેલી છે જે નીચે મુજબ છે

ખર – આ ઘરમાં રહેનારા લોકો ગધેડા જેવા મૂર્ખ હોય. એક જ સ્થળે પડયા રહેતા હોય છે.

દુમુર્ખ – જેનો બહારથી જોતા જ દેખાવ ક્રુર અને ભીષણ તથા ભય પમાડે તેવો દેખાય તે દુર્મુખ ઘર છે.

ઉગ્ર – આવા મકાનનો દેખાવ ઉગ્ર હોય છે.

રિપુદ – જેમાં વસવાટ કર્યા પછી શત્રુઓનો વધારો થતો હોય છે.

આક્રંદ – વારંવાર રડવું પડે છે.

છીપાકાર ઘર – છીપ આકારનું હોય છે. તેમાં નાશ થાય છે.

સૂપડીયું ઘર – સૂપડા આકારનો હોય છે. કુળનો ક્ષય થાય છે.

સમૂળ ઘર – જે ઓરડાનો કરો લાંબો, પછીત ટૂંકો હોય તેને સમૂળ ઘર કહેવાય છે.

'વેદ વાસ્તુ પ્રભાકર'માં જણાવ્યા મુજબ (પૃ. ૫૫.૫૬) (૧) જે ઘર પર્વત પર કે તળેટીમાં હોય (૨) પાષાણ યુકત ગુફાથી ભરેલું હોય (૩) પર્વતોના પાષાણવાળું હોય (૪) પાણીના મોટા પ્રવાહ આગળ હોય (૫) નદીના કાઠે આવેલું હોય (૬) જે ઘરમાં કમાડનો અવાજ થતો હોય

(૭) જયાં મંદિર કે સમાધિ, ચબૂતરો હોય (૮) મ્લેચ્છ, ચાંડાલો હોય (૯) જે ઘર પર વીજળી પડી હોય તે દૂષિત છે. (૧૦) કાગડા, ઘુવડ વસતા હોય.

આધુનિક પરિપ્રેક્ષ્યમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ ને પોતાના ભવનને આધીન બનાવવું એ જ સાચા અર્થમાં વાસ્તુશાસ્ત્રનું રહસ્ય છે. આથી, જે પ્રકૃતિજન્ય દિશાઓ પંચમહાભૂતો માટે છે તે દિશાઓમાં જ કક્ષોનું નિર્માણ કરવું જોઈએ.

## ૨.૩.૫ વાસ્તુદોષ નિવારણના ઉપાયો

### દૈનિક દિનચર્યામાં ફેરફાર

- ભોજન અને પાણી પૂર્વ બાજુ મુખ રાખી કરવું જોઈએ.
- જયારે પણ ઊંઘીએ દક્ષિણ-પશ્ચિમ કોણ તરફ, સૂવાથી ઉંઘ સારી આવે છે.
- પૂજા કરતી વખતે મુખ ઉત્તર-પૂર્વ અથવા ઉત્તર-પશ્ચિમ બાજુ રાખીને બેસવું.
- પૂજા સ્થળ ઈશાનમાં રાખવું.
- બુધનો વાસ ઉત્તરમાં હોવાથી ઉત્તરમાં સ્ટડી રૂમ રાખવા.
- દક્ષિણ-પૂર્વ, ઉત્તર પશ્ચિમ કે દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં કૂવો હોય કે ટયુબવેલ છે તો તેને ભરાવીને ઉત્તર-પૂર્વ ખૂણામાં ટયુબવેલ કે કૂવો બનાવવા.
- જો ભવનનો દક્ષિણ-પશ્ચિમ ભાગ નીચો હોય તો ઉંચો કરવાના અન્ય સાધનોમાં દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં ખૂબ ઉંચો ટી.વી. એન્ટેના લગાવીને વાસ્તુદોષ દૂર કરી શકાય.
- ડાઈનીંગ ટેબલ મકાનની બરાબર વચ્ચેના રૂમમાં ન રાખવું કારણ કે ત્યાં બ્રહ્માનો વાસ છે.
- ડાઈનીંગ રૂમનો રંગ પીળો રાખી શકાય.
- 'શિલ્પદીપક'માં તિજોરી પૂર્વ દિશામાં મૂકવાનું વિધાન છે. લક્ષ્મીજીનું સ્થાપન ઈશાન અને પૂર્વ વચ્ચે કરવાનું કહેલ છે. પરંતુ ઉત્તર દિશામાં પણ સૂચન છે.
- મંદિરનું દ્વાર બને તો પૂર્વાભિમૂખ, નહિંતર દક્ષિણાભિખુખ રાખવું.
- તિજોરીને અડીને કદી સાવરણી કે સૂપડું મૂકવા નહીં.
- તિજોરી શયનખંડમાં ન રાખવી.
- ડાઈનીંગ ટેબલ તરફ ચારે તરફ ફરતા બેસીને જ ભોજન લેવું. પરંતુ એક દિશા તરફની ખુરશીઓ ખાલી રાખવી. દક્ષિણ દિશા તરફ બેસવું નહી. પશ્ચિમમાં મો રાખીને જમવું. પૂર્વ તરફ મો રાખીને જમવાથી ભકિતનું પ્રેરણાબળ તથા આયુષ્ય ટકી રહે છે.

- પૂજાસ્થાન ઉત્તર-પૂર્વમાં સ્થાપિત કરી લેવું.
- ભવનનો ઉત્તર-પૂર્વનો ભાગ વધારે ખાલી રાખવો. દક્ષિણ-પશ્ચિમ દિશાના ભાગમાં વધારે ખાલી રાખવો. દક્ષિણ-પશ્ચિમ દિશાના ભાગમાં વધારે સામાન કે ભાર રાખવો, પાણીની વહેંચણી ઉત્તર પૂર્વથી લેવી.
- શયનખંડમાં શિરનો ભાગ દક્ષિણ દિશામાં તેમજ પગ ઉત્તર દિશામાં રાખવા નહિ તો પશ્ચિમ દિશામાં શિર રાખી શકાય.

## ૨.૪ સૂત્રપાતવિધિ

'જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ'[૬૯]માં દર્શાવ્યા મુજબ

શ્રી વિશ્વકર્મા કહે છે કે દેવાલય કે ઘરનો આરંભ શુભમાસમાં અજવાળિયા પક્ષમાં અને ઉત્તરાયણનો સૂર્ય હોય ત્યારે કરવો. જે શુભ દિને ચંદ્રમા અને તારાનું બળ હોય તથા શુભ લગ્ન હોય તે દિવસે દેવોની અને ઋષિઓની પૂજા કરીને તેમજ શિલ્પીઓને સંતુષ્ટ કરીને ઘરના પ્રારંભના નક્ષત્રને દિવસે જમીનનું માપ સૂત્ર છોડવું.

### ૨.૪.૧ માસફલ

ગૃહારંભ જો ચૈત્રમાસમાં કરે તો, શોક ઉત્પન્ન થાય, વૈશાખ માસમાં ધનની પ્રાપ્તિ થાય, જયેષ્ઠ માસમાં ઘરની હાનિ થાય, અષાઢ માસમાં પશુઓનો નાશ થાય, શ્રાવણ માસમાં ધનની વૃદ્ધિ થાય, ,ભાદરવામાં ઘર શૂન્ય રહે, આસો માસમાં કલેશ થાય, કારતક માસમાં નોકર-ચાકરનો નાશ થાય, માગશર માસમાં લક્ષ્મીની વૃદ્ધિ થાય. પોષ માસમાં ધન-સંપત્તિ વધે. માઘ માસમાં ઘરનો પ્રારંભ કરતા અગ્નિનો ભય ઉત્પન્ન થાય  અને ફાગણ માસમાં ગૃહારંભ કરીએ તો શ્રેષ્ઠ લક્ષ્મી મળે.

### ૨.૪.૨ ગૃહરાશિનું જ્ઞાન

અશ્વિની નક્ષત્ર આદિ ત્રણ નક્ષત્રો મેષ રાશિનાં, મઘા આદિ ત્રણ નક્ષત્રો સિંહ રાશિનાં, મૂળ આદિ ત્રણ ધન રાશિનાં, બાકીની નવ રાશિનાં બે-બે નક્ષત્રો છે.

ગૃહ રાશિ યંત્ર કોષ્ટક[૧૯]

| | | | | | |
|---|---|---|---|---|---|
| મેષ<br>૧ | વૃષભ<br>૨ | મિથુન<br>૩ | કર્ક<br>૪ | સિંહ<br>૫ | કન્યા<br>૬ |
| અશ્વિની | રોહિણી | આર્દ્રા | પુષ્ય | મઘા | હસ્ત |
| ભરણી | મૃગશીર્ષ | પુનર્વસુ | આશ્લેષા | પૂ.ફા. | સ્વાતિ |
| કૃતિકા | | | | | |
| ઉ.ફા. | | | | | |
| તુલા<br>૭ | વૃશ્ચિક<br>૮ | ધન<br>૯ | મકર<br>૧૦ | કુંભ<br>૧૧ | મીન<br>૧૨ |
| સ્વાતિ | અનુરાધા | મૂળ | શ્રવણ | શતભિષા | ઉ.ભા. |
| વિશાખા | જયેષ્ઠા | પૂ.ષા.<br>ઉ.ષા. | ધનિષ્ઠા | પૂ.ભા. | રેવતી |

## ૨.૪.૩ ગૃહારંભ તિથિઃ

ઘરનો આરંભ કરવામાં કૃષ્ણ પક્ષની એકમ અને બંને પક્ષની બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, અગિયારસ, તેરસ એ તિથિઓ શુભ માનેલી છે.

### ગૃહનું નક્ષત્રઃ

ગૃહ બનાવવાની ભૂમિની લંબાઈ અને પહોળાઈનો ગુણાકાર કરી, જે ગુણાકાર આવે તે ગૃહનું ક્ષેત્રફળ જાણવું. પછી ક્ષેત્રફળને આઠ વડે ગુણીને તેને ૨૭ વડે ભાગવું, જે શેષ વધે તેને ગૃહનું નક્ષત્ર જાણવું.

## ૨.૪.૪ અધોમુખ નક્ષત્રો

ભરણી, કૃતિકા, આશ્લેષા, મઘા, પૂ. ફાલ્ગુની, વિશાખા, મૂળ, પૂ. ષાઢા, પૂ. ભાદ્રપદા આ નક્ષત્રો ખાતાદિ કાર્યને સિદ્ધ કરનારા છે.

### તિર્યક્મુખ નક્ષત્રો

અશ્વિની, મૃગશિર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, જયેષ્ઠા, રેવતી આ નક્ષત્રો યાત્રાદિ કાર્યની સિદ્ધિ કરનારા છે.

## ઊર્ધ્વમુખ નક્ષત્રો

રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉ. ફાલ્ગુની, ઉ. ષાઢા, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા અને ઉત્તરા ભાદ્રપદા આ નક્ષત્રો ધ્વજ, અભિષેકાદિ કાર્યમાં શુભ છે.

### નક્ષત્ર સ્વામી[૨૦]

| | | | |
|---|---|---|---|
| (૧) | અશ્વિની | - | અશ્વિનકુમાર |
| (૨) | ભરણી | - | યમ |
| (૩) | કૃતિકા | - | અગ્નિ |
| (૪) | રોહિણી | - | બ્રહ્મા |
| (૫) | મૃગશીર્ષ | - | ચન્દ્ર |
| (૬) | આદ્રા | - | શિવ |
| (૭) | પુનર્વસુ | - | અદિતિ |
| (૮) | પુષ્ય | - | બૃહસ્પતિ |
| (૯) | આશ્લેષા | - | સર્પ |
| (૧૦) | મઘા | - | પિતૃદેવ |
| (૧૧) | પૂર્વ ફા. | - | ભગદેવ |
| (૧૨) | ઉ. ફા. | - | અર્યમા |
| (૧૩) | હસ્ત | - | સૂર્ય |
| (૧૪) | ચિત્રા | - | વિશ્વકર્મા |
| (૧૫) | સ્વાતિ | - | વાયુ |
| (૧૬) | વિશાખા | - | ઈન્દ્ર, અગ્નિ |
| (૧૭) | અનુરાધા | - | સૂર્ય |
| (૧૮) | જયેષ્ઠ | - | ઈન્દ્ર |
| (૧૯) | મૂળ | - | નૈઋત્ય |
| (૨૦) | પૂર્વષાઢા | - | જળ |
| (૨૧) | ઉત્તરાષાઢા | - | વિશ્વદેવ |
| (૨૨) | અભિજિત | - | વિધિ |
| (૨૩) | શ્રવણ | - | વિષ્ણુ |
| (૨૪) | ઘનિષ્ઠા | - | વસુ |
| (૨૫) | શતતારા | - | વરૂણ |
| (૨૬) | પૂર્વભાદ્રપદ | - | અજચરણ |
| (૨૭) | ઉ. ભાદ્રપદ | - | અહિર્બુધ્ન્ય |
| (૨૮) | રેવતી | - | પૂષા |

## ૨.૪.૫ ગૃહરાશિની સમજ

ઘરના નક્ષત્રને ચાર થી ગુણીને નવ વડે ભાગી જે લબ્ધિ આવે તે ઘરની રાશિ સમજવી. આ ઘરની રાશિ અને ઘરના સ્વામીની રાશિ પરસ્પર છઠ્ઠી અને આઠમી હોય અથવા બીજી અને બારમી હોય તો અશુભ સમજવી.

## ૨.૪.૬ બાંધકામની શરૂઆત

ભૂમિના પરની પસંદગી, પરીક્ષણ, શોધન, મકાન માલિક અને પ્રસ્તુત મકાનનો આય વ્યય, નક્ષત્ર, અંશક, તારા, રાશિ, ચંદ્રની દિશાઓ વગેરેના અનુક્રમે શુભાશુભ ફળ તથા શુભ મેળાંક વિશે વિચાર કરીને ગૃહ/દિવાલય નિર્માણ કરવું જોઈએ.

### ગૃહમુખ

જયારે કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિનો સૂર્ય હોય ત્યારે પૂર્વ દિશા સન્મુખ દ્વારવાળું ગૃહ ન કરવું. ધન, મકર અને કુંભ રાશિમાં સૂર્ય હોય ત્યારે પશ્ચિમના દ્વાર વાળું ગૃહ ન કરવું. મિથુન, કર્ક, સિંહ રાશિમાં સૂર્ય હોય ત્યારે ઉત્તર દિશાનાં દ્વારવાળા ગૃહની પ્રારંભ કરવો નહિં.

## ૨.૪.૭ રાશિનામ:

(૧) મેષ (૨) વૃષભ (૩) મિથુન (૪) કર્ક (૫) સિંહ (૬) કન્યા (૭) તુલા (૮) વૃશ્ચિક (૯) ધન (૧૦) મકર (૧૧) કુંભ (૧૨) મીન

### રાશિના નામાક્ષરો:

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | અ-લ-ઈ | મેષ | (૭) | ર-ત | તુલા |
| (૨) | બ-વ-ઉ | વૃષભ | (૮) | ન-ય | વૃશ્ચિક |
| (૩) | ક-છ-ઘ | મિથુન | (૯) | ભ-ધ-ફ-ઢ | ધન |
| (૪) | ડ-હ | કર્ક | (૧૦) | ખ-જ | મકર |
| (૫) | મ-ટ | સિંહ | (૧૧) | ગ-સ-ષ | કુંભ |
| (૬) | પ-ઠ-ણ | કન્યા | (૧૨) | દ-ચ-ઝ-થ | મીન |

વગેરે રાશિ નામાક્ષર જાણવા.

### રાશ્યાધિપતિઓ:

| | | |
|---|---|---|
| અધિપતિ | - | રાશિ |
| સૂર્ય | - | સિંહ |

| | | |
|---|---|---|
| ચન્દ્ર | – | કર્ક |
| મંગળ | – | મેષ, વૃશ્ચિક |
| બુધ | – | કન્યા, મિથુન |
| ગુરૂ | – | ધન, મીન |
| શુક્ર | – | વૃષભ, તુલા |
| શનિ | – | મકર, કુંભ |

## ૨.૪.૮ આયાધિકારઃ

આવક એટલે આર્થિક લાભ, મનોરથની પ્રાપ્તિ અથવા શુભ ફળની પ્રાપ્તિ આવકના કુલ આઠ પ્રકાર ગણ્યા છે. ધ્વજ, ધૂમ, સિંહ, શ્વાન, વૃષભ, ખર, ગજ અને ઉષ્ટ્ર અથવા ધ્વાંક્ષ. વિષમ આવક એટલે કે ૧, ૩, ૫, ૭ વગેરે એકી ગુણાંકમાં પ્રાપ્તિને શુભ માનવામાં આવે છે. બેકી ગુણાંકને એટલે કે ૨, ૪, ૬, ૮ વગેરે આવકને અશુભ માનવામાં આવે છે.

ઘરની લંબાઈ અને પહોળાઈના માપનો ગુણાકાર કરતા ઘરનું ક્ષેત્રફળ મળે છે. આ ક્ષેત્રફળને ૮ ની સંખ્યા વડે ભાગવાથી જે બાકી વધે તે, જે શેષ રહે તે ઘરની આવક સમજવી. જો જવાબ અશેષ અથવા શૂન્ય આવે તો દવાંક્ષ અથવા ઉષ્ટ્ર આવક છે. દરેક આવકનું પરિણામ અલગ-અલગ હોય છે.

આઠેય આયો પૂર્વાદિ દિશાઓના ક્રમથી અર્થાત્ – પૂર્વ દિશામાં ધ્વજાય, અગ્નિકોણમાં ધૂમ્રાય અને દક્ષિણ દિશામાં સિંહાય એવી રીતે અનુક્રમથી આઠે દિશાઓ સામાસામા મુખ રાખી રહેલા જાણવા.

## ૨.૪.૯ વ્યયાધિકાર

ઘર અથવા વાસ્તુમાં વ્યયની ગણતરી કરવા માટે ઘરના નક્ષત્રનો વિચાર પણ કરવો પડે છે. ગૃહ નક્ષત્રના ક્રમાંકને ૮ થી ભાગ્યા પછી જે શેષ રહે તે સંખ્યાને વ્યય ગણવામાં આવે છે.

આય નો અંક વ્યયના અંક કરતા વધારે આવે તો શુભ ગણાય છે. પરંતુ વ્યયનો અંક આય કરતા વધારે આવે તો અશુભ ગણાય છે. એટલે કે આય કરતા વ્યય વધારે હોય તેવું ઘર અથવા વાસ્તુ લાભદાયક નીવડતું નથી.

આય અને વ્યય બંને એકસરખા જ આવતા હોય તેવા ઘરને પિશાચ વાસ્તુ તરીકે ઓળખવામાં આવે છે.

આય કરતા વ્યય વધારે હોય તેવા  ઘરને રાક્ષસ વાસ્તુ કહેવામાં આવે છે. અને છેવટે આય કરતા વ્યય ઓછો હોય તેવા શુભ ફળદાયક વાસ્તુને યક્ષગૃહ કહેવામાં આવે છે. યક્ષગૃહ હંમેશા ખૂબ સારું નિવડે છે.

## ૨.૫ ગૃહપ્રવેશરીતિઃ

'રાજવલ્લભ'માં દર્શાવ્યાનુસાર

सिद्धायै गृहारम्भमुशंति वृद्धायथोदितेमासिवलक्षपक्ष ।
शशांकवीर्येसुदिने निमित्ते शुभेरवो सौम्यगते प्रवेशम् ।। [૨૧]

શાસ્ત્ર વિષે કહેલ માસમાં, શુકલપક્ષમાં, ચંદ્રમાના બળમાં, સારા દિવસે અને સારા શુકન જોઈને ઉત્તરાયણના સૂર્યમાં ઘરનો આરંભ અને ઘરમાં પ્રવેશ કરવાનું કહેવાયું છે.

### ૨.૫.૧ ગૃહારંભમાં વત્સચક્રની અગત્યતા

'રાજવલ્લભ'માં દર્શાવ્યાનુસાર ઘરનો આરંભ કરતાં વત્સદોષ જોવાનું વત્સચક્રમાં કહેલું છે. તે પ્રમાણે કન્યા, તુલા, વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ પૂર્વમાં હોય છે. ધન, મકર અને કુંભ એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ દક્ષિણ દિશામાં હોય છે તથા મીન, મેષ અને વૃષભ એ ત્રણ રાશિનાં સૂર્યમાં વત્સનું મુખ પશ્ચિમ દિશામાં હોય છે અને મિથુન, કર્ક અને સિંહ એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ ઉત્તર દિશામાં હોય છે માટે વત્સ સામે ઘરનું દ્વાર મૂકવામાં આવે તો હાનિ થાય, વત્સની પાછળ દ્વાર મૂકાય તો આયુષ્યનો ક્ષય થાય, પણ સિંહ, વૃષભ, વૃશ્ચિક અને કુંભ એ ચાર રાશિના સૂર્યના ઘરને ચારે દિશામાં દ્વારો મૂકવામાં આવે તો વત્સનો દોષ આવે નહી.

વત્સચક્ર[૨૨] માં જણાવ્યા પ્રમાણે મિથુન, કર્ક અને સિંહ એ ત્રણ રાશિના સૂર્યના વત્સનું મુખ ઉત્તર દિશામાં હોય છે અર્થાત જયેષ્ઠ, અષાઢ, શ્રાવણ એ ત્રણ માસ સુધી ઉત્તર દિશામાં હોય છે માટે ત્યાં સુધી ઉત્તર અને દક્ષિણ એ બંને દિશાથી ઘરનું દ્વાર મૂકવું નહી.

ઘર અને પ્રાસાદ આદિના આરંભમાં વૃષ વાસ્તુચક્ર જોવાય છે. ગૃહારંભના નક્ષત્રાનુસાર વૃષવાસ્તુ વગેરે ચક્રોથી પણ શુભાશુભ પરીક્ષા કરવામાં આવે છે.

### ૨.૫.૨ વૃષવાસ્તુ વિચાર

'वास्तुशुंभम् एवं व्यवसायिक वास्तुशास्त्र' માં વૃષવાસ્તુવિચાર રજૂ થયેલો છે, જે નીચે મુજબ છે.

| वृषभ के अंग | नक्षत्र | फल |
|---|---|---|
| सिर | पहले ३ नक्षत्र | गृहदाह |
| अगले पैर | अगले ४ नक्षत्र | शून्यता |
| पिछले पैर | अगले ४ नक्षत्र | स्थिरता |
| पीठ | अगले ३ नक्षत्र | लक्ष्मीप्राप्ति |
| दायी कुक्षि | अगले ४ नक्षत्र | लाभ |

| | | |
|---|---|---|
| पूंछ | अगले ३ नक्षत्र | स्वामी नाश |
| बाईं कुक्षि | अगले ४ नक्षत्र | दरिद्रता |
| मुख | अगले ३ नक्षत्र | रोगपीडा व भय |

ગૃહારંભ કરતી વખતે શુભાશુભ વિચાર કરવા માટે બળદના આકારની પરિકલ્પના કરીતે પ્રત્યેક અંગ પર સૂર્યનક્ષત્રથી ગણીને નક્ષત્ર સ્થાપિત કરીતે વિચાર કરવો જોઈએ કે કયા નક્ષત્રમાં ઘર કે મંદિર બનાવવું શુભ રહેશે.

## ૨.૫.૩ ખાતમુહૂર્ત[૨૩]

ધન, મકર અને કુંભના સૂર્ય દરમિયાન નાગનું મુખ દક્ષિણમાં હોય છે. તેથી માગશર, પોષ અને મહા માસમાં ઈશાન ખૂણામાં ખાતમુહૂર્ત કરાય.




પૃથ્વીમાં શેષનાગ દર ત્રણ માસે મોં ફેરવે છે. મીન, મેષ અને વૃષભનો સૂર્ય હોય ત્યારે એટલે કે ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસમાં નાગનું મુખ પશ્ચિમે હોય છે તેથી તે માસમાં અગ્નિખૂણે ખાતમૂહુર્ત કરવું.

એ જ રીતે મિથુન, કર્ક અને સિંહનો સૂર્ય હોય ત્યારે અર્થાત જેઠ, અષાઢ, અને શ્રાવણમાં નાગનું મુખ ઉત્તરમાં હોય છે. તેથી નૈઋત્યમાં ખાત મુહૂર્ત કરવું.

કન્યા, તુલા, વૃશ્ચિકનો સૂર્ય હોતા નાગનું મુખ પૂર્વમાં હોય છે તેથી તે સમયમાં એટલે કે ભાદરવો, આસો, કારતક માસમાં વાયવ્યમાં ખાતમુહૂર્ત કરાય.

'શિલ્પશાસ્ત્રસંગ્રહ' પ્રમાણે

परीक्षितायां भुवि विघ्नराजं समर्चये चंडिकया समेतम् ।

क्षेत्राधिपं चाष्ट दिशादिनाथन् सपुष्प धूपैर्बलिभिः सुखाय ।। [२४]

પૃથ્વીની પરીક્ષા કરી ચંડી સહિત ગણપતિનું પૂજન કરવું તેમજ ક્ષેત્રપાળ તથા દિક્પાળોનું પૂજન ચંદન, પુષ્પ, ધૂપ, બલિદાન વડે કરવાથી સુખ થાય.

પાયામુહૂર્ત સામગ્રી – શ્રીફળ, કંકુ, મૌલી, અબીલ, ગુલાલ, પુષ્પ, પુષ્પનો હાર, દશ સોપારી, અગરબત્તી, કપૂર, કેસર, ગોળ, દૂધ, દહીં, સાકર, રૂ, માચીસ, ગાયનું ઘી, ચોખા, ઘઉં (સવા કીલો) પાંચ મેવા, ગંગાજળ, લાલ વસ્ત્ર, શ્વેત વસ્ત્ર, એક મોટો કળશ, એક નાનો કળશ, તાંબાનો પાયામાં નાખવા માટે લોઢાની ખીલી ચાર, એક ચાંદીનો સર્પ, જનોઈનો જોટો, નાગરવેલના પાન (અગિયાર), માટીના દીવા (અગિયાર), પ્રસાદ, સૂકોમેવો, ફળ, લાડુ, ગોળ, ધાણા, પાંચ પથ્થર, પાંચ શસ્ત્ર, ઘર બનાવનાર માલિક, કારીગર તેમજ વાસ્તુશાસ્ત્રીનું પૂજન પણ આ અવસરે થાય છે. પાયામાં નાખવા માટે સુવર્ણ, રજતમુદ્રા અથવા તાંબાનો પૈસો કળશમાં નાખવામાં આવે છે.

## ૨.૫.૪ ખાતમુહૂર્તના શુભ નક્ષત્રો

શ્રવણ, મૃગશીર્ષ, રેવતી, રોહિણી, પુષ્ય, અશ્વિની, ઉત્તરા નક્ષત્રો ખાતમુહૂર્ત માટે શુભ ગણાય. સૂર્યના મોટા નક્ષત્ર ગણતાં ૫-૭-૯-૧૨-૧૯. ૨૬માં નક્ષત્રમાં ભૂમિ સૂતેલી ગણાય તેમાં ખાત ન કરવું. **શુભ તિથિઓ** – ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩ એમ એકી તિથિઓ શુભ છે. ૧, ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪ પૂનમ અને અમાસ શુભ નથી. શુકલપક્ષમાં ૧, ૪, ૯, ૧૪ અને વદમાં ૪, ૯, ૧૩, ૧૪ ત્યાગવી. વ્યતિપાત જેવા અશુભ યોગો ત્યાગવા.

## ૨.૫.૫ પાયાની શરૂઆત

- પાયો ખોદાઈ જાય પછી અગ્નિકોણમાં સમચોરસ પથ્થર પૂજીને સ્થાપવો, જેને શીલાસ્થાપન કહે છે અને આ રીતે અગ્નિકોણમાં મૂકેલ પથ્થર પરથી પાયો ચણવાનું શરૂ કરવું.

दक्षिणपूर्व विभागे पूजनपूर्वशीला समस्थाप्या ।<br>
शेष शीला दक्षिणतः स्तंभ्योष्येवं विधानेन ।। [२५]

- ખાતમુહૂર્ત વિધિમાં ખાડામાં પંચરત્ન ભરેલ લોટી પધરાવી તેના પર પાંચ પથ્થર ચણવા તે જુદી બાબત છે અને ત્યારબાદ અગ્નિકોણમાં સમચોરસ પથ્થર પૂજીને મૂકવો એટલે કે શીલાસ્થાપન વિધિ પણ જૂદી બાબત છે. જો કે શીલાસ્થાપન પણ પંચરત્ન પર જ હોય છે. શીલા સ્થાપન એ ખાતમુહૂર્ત પછીનો વિધિ છે.

- જે જમીનમાં મકાનનું ચણતર આરંભ કરવું હોય તે જમીનમાં પ્રથમ અગ્નિકોણમાં ખીલી મારવી જોઈએ. ત્યારબાદ બીજી ખીલી નૈઋત્યકોણમાં મારવી. ત્યારબાદ ત્રીજી ખીલી વાયવ્યકોણે નાખવી અને ચોથી ખીલી ઈશાન કોણમાં નાખવી (ખોડવી) એ રીતે પોતાના પ્લોટ માપીને ખૂંટીઓ મારીને અલગ કરી લેવો.

➢ બૃહસ્પતિયુકત પુષ્ય નક્ષત્ર, ત્રણે ઉત્તરા, રોહિણી, મૃગશીર્ષ, આશ્લેષા આ નક્ષત્રોમાં ગુરૂવારના દિવસે આરંભ કરેલો ગૃહ-પુત્ર અને રાજયને આપનારો કહેવાયો છે.

➢ અશ્વિની, ચિત્રા, વિશાખા, ઘનિષ્ઠા, શતભિષા, આદ્રા નક્ષત્રની સાથે જો શુક્રવાર હોય તે દિવસે કરવામાં આવેલું પાયનું મુહૂર્ત ધન-ધાન્યને આપનારું તેમજ શુભ હોય છે.

➢ અશ્વિની, રોહિણી, પૂર્વા ફાલ્ગુની, ચિત્રા અને હસ્ત આ નક્ષત્રોમાં બુધવારના દિવસે શરૂ કરવામાં આવેલું ઘર સુખ, સંપન્નતા અને પુત્ર આપવાવાળું બની શકે છે.

➢ જયોતિષ તત્ત્વપ્રકાશમાં કહયું છે કે જયારે ગુરૂ, શુક્ર તથા ચન્દ્રમાં પોતાના ઉચ્ચ સ્થાનમાં હોય, બળવાન હોય તો ગુરૂ, સૂર્ય તથા ચન્દ્રમાનું બળ લઈને ગૃહારંભ કરવો શુભ ફળદાયી છે.

➢ પાયાની શરૂઆતનો સમય મેષનો સૂર્ય પ્રતિષ્ઠાદાયક, વૃષનો સૂર્ય ધન વૃદ્ધિ, કર્કનો શુભ, તુલાનો સૂર્ય સુખદાયક, વૃશ્ચિકમાં ધન વૃદ્ધિ, મકરનો સૂર્ય ધનદાયક તથા કુંભનો સૂર્ય રત્નલાભ આપે છે.

➢ ચારેય ખૂણામાં ખીલી માર્યા પછી તે ખીલીઓને સાંકળની દોરી બાંધવી, બ્રાહ્મણે દર્ભની દોરી, ક્ષત્રિયે મુંજની દોરી, વૈશ્ય વર્ણએ કાસની દોરી, શુદ્રએ શણની દોરી બાંધવી.

આ રીતે ઘરને દોરથી ભરી ત્યારબાદ પાયા છાપીને પાયામાં યોગ્ય ખૂણે ખાતમુહૂર્ત કરવું જોઈએ. ત્યારબાદ પાયો ખોદવો જોઈએ.

➢ મહર્ષિ પરાશરના મત મુજબ ચિત્રા, શતભિષા, સ્વાતિ, હસ્ત, પુષ્ય, પુનર્વસુ, રોહિણી, રેવતી, મૂલ, શ્રવણ, ઉત્તરા ફાલ્ગુન, ઉત્તરા ભાદ્રપદ, ઉત્તરાષાઢા, મૃગશીર્ષ, અનુરાધા નક્ષત્રોમાં જે મનુષ્ય વાસ્તુ પૂજન કરે છે તેને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

➢ ગૃહારંભમાં સ્થિર કે દ્વિસ્વભાવ લગ્ન હોવું જોઈએ. જેના લગ્ન પર શુભ ગ્રહોની દષ્ટિ પડતી હોય.

➢ ગૃહનિર્માણથી કુંડલીમાં ગુરૂ, શુક્ર, સૂર્ય તથા ચંદ્રમાંથી કોઈ તીવ્ર ગ્રહ ઉચ્ચનો હોય, દસમાં સ્થાનમાં બુધ થી લગ્નમાં સૂર્ય, ગુરૂ, શુક્ર કે ચન્દ્ર સ્વગૃહી કે ઉચ્ચનો હોય તો આવા ઘરનું આયુષ્ય બસો વર્ષનું હોય છે.

## ૨.૫.૬ ગૃહારંભ અંગેના જયોતિષ શાસ્ત્રનાં સિદ્ધાંતો

➢ રોહિણી, મૃગ, પુષ્ય, ઉ.ફા., ચિત્રા, અનુરાધા, ઉષા, રેવતી, અશ્વિની, ઉ.ભા., પુનર્વસુ નક્ષત્રો શુભ છે.

➢ જીર્ણઘરમાં પ્રવેશ માટે જૂનું, વરસાદથી પડેલું, પુનઃચણેલ ઘરમાં કારતક, માગશર, શ્રાવણ, સ્વાતી, ઘનિષ્ઠા, શતભિષા નક્ષત્રમાં પ્રવેશ થાય. ગૃહ પ્રવેશના શુભ અશુભ માસ અંગે આગળ ચર્ચા થયેલ છે તેમાં મુહૂર્ત થાય. 'વાસ્તુશાસ્ત્ર રહસ્ય'માં ગૃહપ્રવેશ પ્રકરણમાં કહ્યું છે કે

| | વાર | |
|---|---|---|
| સોમ– સારો | ગુરૂ– સારો ધન આપે | મંગળ – ઉગ્રતા વધે |
| બુધ–સારો વ્યાપાર વધે | શુક્ર – રસવૃદ્ધિ | રવિ – સારો નહિ. |

➢ મેષ, કર્ક, તુલા અને મકર લગ્નમાં ગૃહારંભ ન કરવો.

➢ ગૃહ પ્રારંભ કરતી વખતે કાળની કુંડલી બનાવવી, તેમાં ત્રીજા, છઠ્ઠા, અગિયારમાં સ્થાનમાં પાપગ્રહ હોય તો ગૃહારંભ ન કરવો.

### ✵ ગૃહપ્રવેશના નિષેધ વચનો

'રેમેડિયલ વાસ્તુશાસ્ત્ર' મુજબ –

(૧) રિકતાતિથિ ૪/૯/૧૪ના ગૃહારંભ ન કરવો.

(૨) ૨, ૫, ૮, ૧૧ શુભ. ૩, ૬, ૯, ૧૨ મધ્યમ. શુભ લગ્નમાં ચંદ્ર ન હોવો જોઈએ. ૩, ૬, ૧૧ મે પાપ ગ્રહો સારા ચોથે, આઠમે મે કોઈ ગ્રહ ન હોવા જોઈએ. જન્મરાશિથી આઠમી રાશિનું લગ્ન ન હોવું જોઈએ.

(૩) ગૃહ પ્રારંભના દિવસે બૃહસ્પતિ નિર્બળ, અસ્ત નીચે સ્થાનમાં હોય તો ધનનાશ થાય છે.

(૪) શનૈશ્ચરયુકત, પૂર્વભાદ પદ, ઉત્તરભાદ્રપદ, જયેષ્ઠા, અનુરાધા, સ્વાતિ, ભરણી નક્ષત્રોમાં શનિવારને દિવસે પ્રારંભ ન કરવો.

(૫) ચંદ્રમાં આ દિવસે નિર્બળ ન હોવો જોઈએ.

(૬) મિથુન, કન્યા, ધન, મીનના સૂર્યમાં નવીન ગૃહનું નિર્માણ ન કરવું.

(૭) પાયાના આરંભકાળમાં મિથુનનો સૂર્ય મૃત્યુદાયક કન્યાનો સૂર્યનો રોગ, ધનુનો સૂર્ય હાનિકારક તથા મીનનો સૂર્ય રોગ ભયને પામે છે.

(૮) સિંહ લગ્નમાં વર્જ્ય છે.

## ૨.૫.૭ ગૃહ પ્રવેશ અને શૂલવિચાર [૨૬]

| નક્ષત્ર | વાર | શૂલ કઈ દિશામાં |
|---|---|---|
| જયેષ્ઠા | શનિવાર, સોમવાર | પૂર્વ દિશામાં |
| પૂર્વાભાદ્રપદ | બૃહસ્પતિવાર | દક્ષિણ દિશામાં |
| ઉત્તરા ફાલ્ગુની | મંગળવાર, બુધવાર | ઉત્તર દિશામાં |

- ➢ જે દિશામાં શૂળવાસ હોય તેની સામેની દિશામાં ગૃહપ્રવેશ માટે પ્રસ્થાન ન કરવું જોઈએ. જેમકે સોમ શનિવારે પૂર્વ દિશામાં શૂલવાસ હોય છે. તેથી પશ્ચિમ દિશામાં ગૃહપ્રવેશ માટે પ્રસ્થાન કરવું જોઈએ નહિં.
- ➢ ગુરૂવારે દક્ષિણ દિશામાં હોય છે. તો ઉત્તર દિશામાં ગૃહારંભ માટે પ્રસ્થાન ન કરવું. મંગળ વાર, બુધવાર, શુલવાસ ઉત્તર દિશામાં રહે છે તેથી દક્ષિણ દિશામાં ગૃહારંભ માટે પ્રસ્થાન ન કરવું જોઈએ.
- ➢ જયેષ્ઠા નક્ષત્રને શનિ કે સોમવારે શૂલવાસ પૂર્વમાં હોય છે.
- ➢ પૂ. ભાદ્રપદ નક્ષત્રને ગુરૂવારનો સંયોગ હોય ત્યારે દક્ષિણમાં શૂળ હોય છે.
- ➢ ઉત્તર ફાલ્ગુની નક્ષત્રને મંગળ કે બુધ હોય ત્યારે ઉત્તરમાં શૂલવાસ હોય છે તે દિશામાં ગૃહપ્રવેશ માટે ન નીકળવું.

## ૨.૬ વાસ્તુદોષ શમન

'મત્સ્યપુરાણ'માં ઋષિઓએ પૂછતાં સૂત દેવમંદિરોની રચનાનું વર્ણન કરે છે. ઋષિઓએ કહયું છે,

प्रासादा ः कीदृशा ः सूत कर्तव्या भूतिमिच्छता ।
प्रमाणं लक्षणं तद्वद् विस्तरशोऽधुना ।। [२७]

હે સૂત ! સમૃદ્ધિને ઈચ્છતા મનુષ્યોએ પ્રાસાદો, મંદિરોની રચના કેવી રીતે જોઈએ ? તેનું પ્રમાણ તથા લક્ષણ શું છે? આ બધુ વિસ્તારથી કરો.

સૂત બોલ્યા – હે ઋષિઓ ! હવે હું તમને પ્રાસાદો, દેવમંદિરોની રચનાની વિધિ હું કરું છું. – વાસ્તુપુરૂષના શરીરના અવયવને જાણનારા વિચક્ષણ પુરૂષે પ્રાસાદ બાંધવાની ભૂમિની પરીક્ષા કરવી, તે પછી બલિપૂજા તથા સમિધાઓનો હોમ કરી વાસ્તુશાંતિ કરવી.

જીર્ણપ્રાસાદોના ઉદ્ધારમાં, બગીચા બનાવવામાં, નવા ઘરમાં પ્રવેશ કરવામાં, નવા પ્રાસાદ મંદિર બનાવવામાં જતાં–બદલતાં, પ્રાસાદ તથા મકાનમાં બીજા બારણાં બેસાડતી વખતે પહેલા કહેલી રીતે વિચક્ષણ મનુષ્યે સૌથી પહેલા વાસ્તુની શાંતિ કરાવવી તે પછી ત્રણ મેખલાવાળો કુંડ બનાવી કાળા તલ, દૂધાળા વૃક્ષોની સમિધાઓ દ્વારા હોમ કરવો જોઈએ. મધ–ઘી થી મિશ્રિત ખાખરાની અથવા ખેરની સમિધાઓનો હોમ કરવો. આ હોમ કરી વિવિધ પ્રકારનાં ખાદ્યપદાર્થોથી વાસ્તુ–મંડળ ના દેવતાઓને બલિ આપવો તથા વિશેષ નૈવેદ્ય પણ પહેલા ક્રમથી આપવું.

ઈશાનમાં ઘી થી મિશ્રીત નૈવેદ્ય શેકી ને તથા ફળ સાથેના ભાત પર્જન્યને આપવા. જય(જયંત)ને પીળી ધજાઓ સાથેનો લોટનો બનાવેલો કાચબો આપવો. ઈન્દ્રને પાંચ રત્નો તથા લોટનું બનાવેલું વજ આપવું. સૂર્યને ચંદરવો, ધૂપ તથા સાથવો આપવો. સત્યને લાપસી, ભૃંશને

લોટનું બનાવેલું માછલું આપવું, અંતરિક્ષને જલેબી, વાયુને સૂકત આપવું. પૂષને ડાંગર, વિતથ ને ચણા ને ભાત આપવા, ગૃહક્ષતને મધવાળો ભાત આપવા. પિતૃઓને ખીચડી આપવી. દૌવારિકને દંડકાષ્ઠ તથા લોટની કૃષ્ણાવલી, સુગ્રીવને પૂડા, પુષ્પદંતને ખીર, વારૂણને કુશ સમૂહ સાથે પદ્મ, અસુરોને સુવર્ણ સાથે પિષ્ટક તથા મદિરા, પુષ્યને ઘી સાથે ભાત સોમને ઘી નાખેલી ખીર, ભગને ચોખાના લોટના મૂઠિયા, આદિત્યને રોટલો, દિતિને પૂરી આપવી.

આ બધુ વાસ્તુની બહારના ભાગમાં બલિનાં પ્રકાર છે. યમને ક્ષીર, આપવસ્તને દહી, સાવિત્રને લાડુ મરિયા સાથે દધિ મિશ્રિત જળ, સવિતાને ગોળ અને માલપૂડા, જયને ઘી તથા ચંદન, વિવસ્વાનને લાલ ચંદન નાખેલો ખીર, રાજયક્ષ્માને પકાવેલું કાચું માંસ આપવું. જવ, તલ, અક્ષત, ચરૂ આપવા. વિવિધ પ્રકારનાં ભક્ષ્ય તથા ભોજય પદાર્થો બ્રહ્માને આપવા. આ રીતે વિધિપૂર્વક પૂજવાથી દેવતાઓ હંમેશા શાંતિ આપે છે.

બીજા હાજર રહેલા લોકોને સુવર્ણનું, બ્રાહ્મણોને દૂઝણી ગાયનું દાન કરવું. રાક્ષસીઓને જે પ્રકારનો બલિ આપવો જોઈએ તેમાં માંસવાળો ભાત, ઘી તથા લોહી સાથે પદ્મકેસર. આ બધી વસ્તુઓ ઈશાન ખૂણામાં ચરકી નામની રાક્ષસીને આપવી.

માંસમિશ્રિત ભાત, રૂધિર, હળદર સાથે ભાત આ બધી વસ્તુઓ અગ્નિ ખૂણામાં આપવી. નૈઋત્ય ખૂણામાં રાક્ષસો સાથે રહેલી પૂતનાને દહીં-ભાત, લોહી, હાડકાંના ટૂકડા, પીળા રંગના અને લાલ ખાદ્ય પદાર્થો આપવા. વાયવ્ય ખૂણામાં રહેલી પાપ રાક્ષસીને માછલા, માંસ, દારૂ, આસવ, પાયસ-ખીર આપવા. મંત્રની આદિમાં ૐ પ્રણવનો ઉચ્ચાર કરી અંતમાં નમઃ શબ્દ અને દેવતાનું ચોથીવિભકિતવાળું નામ લઈ બલિ આપવા. ત્યારબાદ યજમાનને સર્વ આ ઔષધિથી સ્નાન કરાવવું. બીજા પોતાના ઘરે આવેલા બ્રાહ્મણોની ભોજન-વસ્ત્ર દક્ષિણાથી પૂજા કરવી.

આ રીતે વાસ્તુશાંતિની વિધિ કરીને પછી જ પ્રાસાદ બાંધવાની શરૂઆત કરવી. પ્રસાદ, ભવન, ઉદ્યાનના પ્રારંભમાં પવમાન સૂકતના પાઠ સાથે નૃત્ય અને મંગલગીત સહિત બ્રાહ્મણો સાથે સ્વસ્તિ પુણ્યાહવાચન કરાવી ભવન વગેરેમાં પ્રવેશ કરાવવો.

જે મનુષ્ય આ રીતે વાસ્તુશાંતિ કરે છે તેને વ્યાધિ થતા નથી તેમજ ધનક્ષય થતો નથી તેમજ સો વર્ષનું આયુષ્ય ભોગવી સ્વર્ગમાં જઈ એક કલ્પ સુધી વસે છે.

## પાદટીપ

| | | |
|---|---|---|
| (૧) | भारतीय स्थापत्य एवं कला | पृ. – ९ |
| (૨) | સમરાંગણ સૂત્રધાર | અ. ૪૪.૧ |
| (૩) | भारतीय स्थापत्य एवं कला | पृ. – १० |
| (૪) | સમરાંગણ સૂત્રધાર | અ. ૪૪.૨ |
| (૫) | વાસ્તુશાસ્ત્ર સંગ્રહ | પૃષ્ઠ – ૧૮, ૨–૨–૩ |
| (૬) | शिल्परत्नाकरः | पृष्ठ–२८ |
| (૭) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | पृष्ठ – ११ |
| (૮) | શિલ્પશાસ્ત્રસંગ્રહ | અ. ૪.૧૭ |
| (૯) | શિલ્પશાસ્ત્રસંગ્રહ | અ. ૩.૩૭ |
| (૧૦) | वास्तुशुभम् एवं व्यावसायिक वास्तुशास्त्र | पृष्ठ–३४ |
| (૧૧) | વાસ્તુશાસ્ત્ર રહસ્ય | પૃષ્ઠ – ૫૨ |
| (૧૨) | વાસ્તુશાસ્ત્ર રહસ્ય | પૃષ્ઠ – ૫૧ |
| (૧૩) | રાજવલ્લભ | અ. ૧, ૧૯ થી ૨૧ |
| (૧૪) | વાસ્તુશાસ્ત્ર રહસ્ય | પૃષ્ઠ – ૯૭ |
| (૧૫) | વાસ્તુશાસ્ત્ર રહસ્ય | પૃષ્ઠ – ૯૮ |
| (૧૬) | भारतीय वास्तु एवं भवन प्रारूप | कोष्टक १ पृ. ६० |
| (૧૭) | भारतीय वास्तु एवं भवन प्रारूप | कोष्टक २ पृ. ६२ |
| (૧૮) | જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ | અ. ૧.૧.૨ |
| (૧૯) | યતીન્દ્ર મુહૂર્તદપર્ણ | પૃ. ૩૯૩ |
| (૨૦) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | अ – ४, ३७–३९ |
| (૨૧) | રાજવલ્લભ | અ. ૧–૬ |
| (૨૨) | રાજવલ્લભ | અ. ૧ આ. પૃ. ૬ |
| (૨૩) | વાસ્તુશાસ્ત્ર રહસ્ય | પૃષ્ઠ – ૧૦૪ |
| (૨૪) | શિલ્પશાસ્ત્ર સંગ્રહ | અ. ૩–૪૩ |
| (૨૫) | વાસ્તુ વિવેક | પૃ – ૮૬ |
| (૨૬) | વાસ્તુશાસ્ત્ર રહસ્ય | પૃ. – ૧૨૦ |
| (૨૭) | મત્સ્યપુરાણ | અ. ૨૬૮–૧ |